પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૪૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૬-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વાવાઝોડાં 'બિપોરજોય'ને લઇ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં એલર્ટ જાહેર

## બિપોરજોય આગામી ૬ કલાક દરમિયાન ઉત્તર તરફ આગળ વધશે, વાવાઝોડું પોરબંદરથી ૧૧૦ કિલોમીટર દૂર છે : હવામાન વિભાગ

નવીદિલ્હી,

બિપોરજોય વાવાઝોડાને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, બિપોરજોય વાવાઝોડાને લઈ હવામાન વિભાગની આગાહી સામે આવ્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અરબી સમુદ્રમાં વાવાઝોડું સક્રિય થઈ ચૂક્યું છે. આજે બપોર બાદ વાવાઝોડું ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થશે. મહત્વનું છે કે, અત્યારે વાવાઝોડું પોરબંદરથી ૧૧૦ કિલોમીટર દૂર છે. આ તરફ સાવચેતીના ભાગરૂપે તમામ બંદર પર હાઈએલર્ટ જાહેર કરી દેવાયું છે.

ગુજરાતમાં બિપોરજોય વાવાઝોડાને લઈ મોટી અપડેટ સામે આવી છે. વિગરો મુજબ અરબી સમુદ્રમાં સક્રિય થયેલ બિપોરજોય વાવાઝોડુ હાલ પોરબંદરથી ૧૧૦ કિલોમીટર દૂર છે. તો ગોવાથી સમુદ્રમાં ૯૦૦ કિમી દૂર અને મુંબઈથી સમુદ્રમાં ૧ હજાર ૩૦ કિલોમીટર દૂર છે. મહત્વનું છે કે, આ બિપોરજોય વાવાઝોડું ધીમે-ધીમે આગળ વધી રહ્યું છે. સંભવિત વાવાઝોડાને લઈ તંત્ર એક્શનમાં છે. જેને લઈ સૌરાષ્ટ્રના તમામ બંદરો પર ૨ નંબરનું સિગ્નલ લગાવાયું છે. આ સાથે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બિપોરજોય વાવાઝોડાની અસર ગુજરાતનાં દરિયા કિનારાનાં વિસ્તારોમાં જોવા મળી રહી છે. અમરેલીનાં પીપાવાવ પોર્ટનો દરિયો આગામી સમયમાં તોફાની બની શકે છે. ત્યારે જાફરાબાદ બંદર પર ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તેમજ જાફરાબાદ, પોરબંદર, માંદરોળનાં દરિયા કિનારે પણ ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માંગરોળનાં દરિયામાં કરંટ વધતા ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. ત્યારે માંગરોળમાં માછીમારોને પોતાની



બોટ બહાર લઈ લેવાની સૂચના પણ આપવામાં આવી છે.

અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાયું છે. ત્યારે હવામાન વિભાગ બાદ અંબાલાલ પટેલે પણ વાવાઝોડાને લઈને આગાહી કરી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, વાવાઝોડાની પ્રક્રિયા અરબ સાગરમાં શરૂ થઈ છે. અત્યારે વાવાઝોડું ઓમાન તરફ ફંટાઈ ગયું છે. જોકે, વાવાઝોડાની ગુજરાતમાં અસર વર્તાશે. વાવાઝોડાના કારણે રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતાઓ છે. તો દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભારે પવન ફૂંકાશે., ૭, ૮, ૯ જૂનના રોજ દરિયામાં ભારે હલચલ જોવા મળશે. સમુદ્રમાં ઉચાં મોજા ઉછળશે. આ દરમિયાન કેરળમાં વરસાદ આવી શકે છે. ગુજરાતમાં ૧૫ જૂન સુધીમાં વરસાદ

### વાવાઝોડાએ બેથી ત્રણ વખત પોતાની દિશા બદલાવી છે, જેથી એવું લાગી રહ્યું છે કે આ વાવાઝોડું હજું પણ પોતાની દિશા બદલી શકે છે

આવી શકે છે. આ વાવાઝોડાની અસર ગુજરાતમા જોવા મળશે. તેની અસરના ભાગરૂપે ગુજરાતમાં વરસાદ જોવા મળશે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલટો આપશે. ચોમાસાને લઈને અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ૭, ૮, ૯ જૂને કેરળમાં વરસાદ આવી જશે. ગુજરાતમાં ચોમાસું સમયસર આવવાની શક્યતાઓ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડાએ બેથી ત્રણ વખત પોતાની દિશા બદલાવી છે, જેથી એવું લાગી રહ્યું છે કે આ વાવાઝોડું હજું પણ પોતાની દિશા બદલી શકે છે. જ્યાં સુધી આ વાવાઝોડાનો ખતરો ટળી ન જાય ત્યાં સુધી માછીમારોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં ઊંડા દબાણનો વિસ્તાર મંગળવારે સાંજે ચક્રવાતી તોફાન 'બિપોરજોય'માં ફેરવાઈ ગયો છે બિપોરજોય આગામી ૬ કલાક દરમિયાન ઉત્તર તરફ આગળ વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આના કારણે ૨૪ કલાકમાં મુંબઈ, થાણે અને પાલઘર સિવાય કોંકણના તટીય વિસ્તારોમાં રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગમાં ભારે પવન સાથે વરસાદ જોવા મળી શકે છે. માછીમારોને પણ ચક્રવાત બિપરજોય વિશે ચેતવણી આપવામાં આવી છે.

ચક્રવાત 'બિપોરજોય'એ ઓછા દબાણનો વિસ્તાર છે, જે હાલમાં દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર પર છે. આગામી ૪૮ કલાકમાં તે ડિપ્રેશનમાં વધુ તીવ્ર થવાની ધારણા છે અને બાકીના ૭૨ કલાકમાં તે ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. ચક્રવાતનો ટ્રેક હજુ સ્પષ્ટ થયો નથી. ચક્રવાત 'બિપોરજોય' આ સિઝનમાં અરબી સમુદ્રમાં સર્જાયેલું પ્રથમ ચક્રવાત છે. 'બિપોરજોય' નામ બાંગ્લાદેશે આપ્યું છે. કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રના દરિયાકાંઠે ૮ થી ૧૦ જૂન સુધી દરિયામાં ખૂબ ઊંચા મોજા ઉછળવાની સંભાવના છે. દરિયામાં ઉતરેલા માછીમારોને કિનારે પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે.'બિપોરજોય' ચક્રવાતના ખતરાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પણ સાવચેતીના પગલાં શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાતના તમામ બંદરોને એલર્ટ મોડ પર રહેવા જણાવાયું છે. વાવાઝોડાને કારણે હવામાન ખરાબ રહેશે. વહીવટીતંત્રે માછીમારોને ઊંડા સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.

## લોકસભા પહેલાં કોંગ્રેસના વધુ એક દિગ્ગજ નેતા ભાજપમાં જોડાશે, શંકર ચૌધરી અને બળવંત રાજપૂતે ખેલ પાડ્યો!

અમદાવાદ,

ગુજરત વિધાનસભાની ચૂંટણીઓ બાદ હાલ ગુજરાતમાં કોંગ્રેસ પાસે હવે સમ ખાવા પુરતી જ સીટો વધી છે. ત્યારે આવી સ્થિતિમાં આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ગુજરાતમાં રકાસ થઈ જાય તો નવાઈ નહીં. આ પરિસ્થિતિથી બચવા માટે કોંગ્રેસે પોતાની રહી સહી બેઠકો જાળવીને લોકસભામાં ગુજરાતમાં સારો દેખાવ કરવો પડશે. જોકે, અહીં તો પરિસ્થિતિ કંઈક જુદી જ છે. રાજ્યના સરહદી જિલ્લા એવા બનાસકાંઠાથી કોંગ્રેસ માટે વધુ એક ઝટકો આપતા સમાચાર સામે આવ્યાં છે.

બનાસકાંઠા જિલ્લાના ડિસાના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલ સાથે ગઈકાલે બેઠક યોજી હતી. ગોવાભાઈ દેસાઈ ભાજપ સાથે જોડાશે એવા અટકળો પણ તેજ બની છે. જો તેઓ ભાજપમાં જોડાય તો કોંગ્રેસને મોટો ફટકો પડી શકે છે. ગોવાભાઈ દેસાઈ છેલ્લાં ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. જો તેઓ ભાજપમાં જોડાશે તો બનાસકાંઠામાં ઘર કા ભેદી લંકા ઢાયે જેવા ઘાટ જોવા મળશે.

ગોવાભાઈ દેસાઈ કોંગ્રેસના એક સિનિયર નેતા છે. તેઓ સાત વખત કોંગ્રેસ માંથી ધારાસભ્યની ચૂંટણી લડેલાં છે. તેઓ ધાનેરામાં ૧૯૯૫માં કોંગ્રેસ માંથી ધારાસભ્ય રહી ચુક્યા છે. ગોવાભાઈ ડીસામાં બે વખત કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ઉલ્લેખનીય છેકે, ગત ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સામે તેમના પુત્ર સંજય રબારીની હાર થઈ હતી.

ગોવાભાઈ રબારી ડીસાના કુચાવાડા ગામના રહેવાસી છે. ગોવાભાઈ રબારીને ભાજપમાં લાવવા બે દિગ્ગજ નેતાઓએ ખેલ પાર પાડ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. થરાદના ધારાસભ્ય અને અધ્યક્ષ શંકર ચૌધરી, અને મંત્રી બળવંતસિંહ રાજપુતે ખેલ પાર પાડ્યો હોવાની ચર્ચાઓ પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

## કેન્દ્ર સરકારની ખેડૂતોને મોટી ભેટ : ધાન્ય સહિત આ પાકોની MSPમાં કર્યો વધારો

નવીદિલ્હી,

આજે મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં મોદી સરકારે ખેડૂતોને મોટી ભેટ આપી છે. ઘણા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કે, તુવેર દાળના MSPમાં વધારો થવો જોઈએ. આ દરમિયાન આજે એટલે કે બુધવારે કેન્દ્રીય કેબિનેટે આ બાબતે મંજૂરી આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર માર્કેટિંગ સીઝન ૨૦૨૩-૨૪ માટે MSPને મંજૂરી આપવામાં આવી છે. ખરીફ પાકની MSP વધારવા માટે કેબિનેટ તરફથી મંજૂરી મળી ગઈ છે.

કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ તુવેર દાળના MSPમાં ૪૦૦ રૂપિયાનો જંગી વધારો કરવામાં આવ્યો છે. તુવેર દાળની MSP ૪૦૦ રૂપિયા વધારીને ૭૦૦૦ રૂપિયા પ્રતિ કિલો કરવામાં આવી છે. આ સિવાય અડદની દાળના MSPમાં ૩૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. MSP ભારતમાં ખેડૂતોને તેમની પેદાશની લઘુત્તમ કિંમતની બાંયધરી આપે છે, જે ખેડૂતો માટે મહત્વપૂર્ણ રક્ષણ તરીકે કામ કરે છે.

મોદી કેબિનેટે દાળના MSPમાં સૌથી વધુ વધારો કર્યો છે. કઠોળ ઉપરાંત મકાઈની એમએસપીમાં



૧૨૮ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ સિવાય ગ્રેડ છ ડાંગરના MSPમાં ૧૪૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તે જ સમયે, સામાન્ય ડાંગરના MSPમાં ૧૪૩ રૂપિયાનો વધારો થયો છે.

ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા, મોદી સરકારે તાજેતરમાં બજારમાં કઠોળનો સ્થાનિક પુરવઠો વધારવા માટે ૨૦૨૩-૨૪ માટે પ્રાઈસ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ અરહર, અડદ અને મસૂરની ખરીદી મર્યાદા ૪૦ ટકાની જાહેરાત કરી છે. મતલબ કે સરકાર ખેડૂતો પાસેથી જેટલી કઠોળ માંગે તેટલી ખરીદી કરી શકે છે. સરકારનું માનવું છે કે, આનાથી બે ફાયદા થશે. પ્રથમ બજારમાં દાળનો પુરવઠો વધશે પછી કિંમતો નિયંત્રણમાં રહેશે. બીજી તરફ ખેડૂતોને કઠોળના સારા ભાવ મળશે.

## બંગા વિશ્વ બેંકના વડા બનતાં ભારતને આંચકો

નવીદિલ્હી,

ભારતીય મૂળના અજય બંગાએ થોડા સમય પહેલા વિશ્વ બેંકના વડા તરીકે તેમનો કાર્યકાળ શરૂ કર્યો છે. તેઓ આ પદ પર પાંચ વર્ષ સુધી સેવા આપશે. તેઓ વિશ્વ બેંકના અધ્યક્ષ બન્યા બાદ વૈશ્વિક વિકાસ દર અંગે એક અંદાજ બહાર પાડવામાં આવ્યો છે. રિપોર્ટમાં આ વર્ષે વૈશ્વિક અર્થવ્યવસ્થાના વિકાસ દરમાં મોટો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઊંચા વ્યાજ દરોની અસર, રશિયા-યુક્રેન યુદ્ધની આડ અસર અને કોવિડ-૧૯ મહામારીની અસર અર્થવ્યવસ્થા પર રહે છે.

વિશ્વના ૧૮૯ દેશોમાં ગરીબી નાબૂદ કરવા માટે પ્રયત્નશીલ વિશ્વ બેંકે તાજેતરના વૈશ્વિક પરિદ્રશ્યમાં જણાવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ દર વર્ષ ૨૦૨૩માં ૨.૧ ટકા રહેશે, જ્યારે ૨૦૨૨માં તે ૩.૧ ટકા રહ્યો છે. વર્લ્ડ બેંક દ્વારા જારી કરવામાં આવેલા 'ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ' રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩ માટેનો નવો વિકાસ અનુમાન જાન્યુઆરીના




અગાઉના અંદાજ કરતા થોડો સારો છે. વિશ્વ બેંકે જાન્યુઆરીમાં કહ્યું હતું કે આ વર્ષે વૈશ્વિક વિકાસ દર માત્ર ૧.૭ ટકા રહેશે.

વિશ્વ બેંકે આ વર્ષે ભારતીય અર્થતંત્ર ૬.૩ ટકાના દરે વૃદ્ધિ પામવાનું અનુમાન કર્યું છે, જે મોટા દેશોમાં સૌથી વધુ છે. વર્ષ ૨૦૨૨માં ભારતનો વિકાસ દર ૭.૨ ટકા હતો. વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં, કેન્દ્રીય બેંકો ગયા વર્ષથી નીતિગત વ્યાજ દરોમાં વધારો કરવાનું વલણ અપનાવી રહી છે. વધતી જતી ફુગાવાને અંકુશમાં લેવા માટે, ફેડરલ રિઝર્વ અને અન્ય કેન્દ્રીય બેંકોએ વ્યાજ દરોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આનાથી રોગચાળાની ઈજામાંથી બહાર આવવામાં વ્યસ્ત વૈશ્વિક અર્થવ્યવસ્થા સામે પડકાર વધી ગયો છે.

**ઓનલાઈન ટેન્ડરીંગ**

**જાહેર નિવિદા નં.૦૪, સને.૨૦૨૩-૨૪**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર–લુણાવાડા ફોન નં.૦૨૬૭૪–૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાન, નાળાકામ, સી.સી. રોડના કામના રૂા.૬.૦૦ લાખથી રૂા.૩૦.૦૦ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http://rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી.થી દિન–૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

**ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૨૬/૦૬/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૨૭/૦૬/૨૦૨૩ સમય ૧૨.૦૦ કલાક |

માહિતી/ગોધરા/૨૦૮/૨૦૨૩

**અરજદાર વકીલશ્રી એફ.એમ. પઠાણ**

**-: જાહેર નોટીસ :-**

**ગોધરાના મહેરબાન પ્રિન્સીપાલ સીન.સીની સિવિલ કોર્ટ અને એડી.ચીફ જયુડી. સાહેબની કોર્ટમાં, ગોધરા. રૂમ. નં.૩૧૨**

ક્રિ.પ.અ.નં.૧૬૮/૨૦૨૦ (જન્મ/મરણ)
મુ.તા.૨૨/૦૬/૨૦૨૩

અરજદાર : છોટા શોએબ અ.સત્તાર
રહે :- મીઠીખાન મોહલ્લા, ગોધરા.

વિરૂદ્ધ

સામાવાળા : ચીફ ઓફીસરશ્રી, ગોધરા નગરપાલિકા

આથી લાગભાગ, હકક હીસ્સો ધરાવાતા ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે, કે અરજદાર નામે છોટા શોએબ અ.સત્તાર નાઓના પિતા નામે છોટા અબ્દુલસત્તાર અબદુલમજીદના મરણની નોંધણી સામાવાળાના દફતરે કરાવવાની રહી ગયેલ હોય અરજદારે પિતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં મચકૂર અરજી દાખલ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈ વાંધો કે તકરાર હોય તો તમોએ વાંધા/પુરાવા સહીત અત્રેની અદાલતમાં આ નોટીસ પ્રસિદ્ધ થયેથી મુદ્દત તારીખ ૨૨/૦૬/૨૦૨૩ સુધીમાં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો મુદ્દત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચૂક નોંધ લેશો.

આજરોજ તારીખ ૩૦/૦૫/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (એફ.જે. જોષી) રજીસ્ટ્રાર પ્રિન્સિ.સિની. સિવીલ કોર્ટ તથા એડી.ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કોર્ટ,ગોધરા

તૈયાર કરનાર (આર.આર. કિશોરી) આસિસ્ટન્ટ

મુકાબલ કરનાર (ડી. કે. સોલંકી) આસિસ્ટન્ટ

## પર્સનલ ડેટા અસુરક્ષિત : દેશમાં દર મિનિટે ૧૬ એકાઉન્ટ હેક થાય છે

નવીદિલ્હી,

આજના ડિજિટલ યુગમાં તમામ કામ ઑનલાઈન થઈ રહ્યાં છે ત્યારે તેની સાથે જ તમારો કોઇ પણ ડેટા સુરક્ષિત નથી. દેશમાં દર મિનિટે ૧૬ એકાઉન્ટ હેક થાય છે. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩ ક્વાર્ટર દરમિયાન દેશમાં કુલ ૨૧ લાખ એકાઉન્ટ હેક થયાં હતાં. આ દરમિયાન દુનિયામાં ૪.૨૧ કરોડ એકાઉન્ટના ડેટાની ચોરી થઇ હતી, એટલે કે દરેક સેકન્ડે એક એકાઉન્ટનો શિકાર થયો હતો. સર્ફશોર્કના સ્ટડી રિપોર્ટ અનુસાર ભારત આ મામલે દુનિયામાં છઠ્ઠા નંબરે છે.

રશિયા ૬૬ લાખ લીક એકાઉન્ટ સાથે ટોચ પર છે. ત્યારબાદ અમેરિકા (૫૦ લાખ), તાઈવાન (૩૯ લાખ), ફ્રાન્સ (૩૨ લાખ), અને સ્પેન (૩૨ લાખ) છે. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે દુનિયાભરમાં ડિસેમ્બર ક્વાર્ટરની તુલનાએ ડેટા ચોરીની ઘટનાઓ ૪૯% સુધી ઘટી છે. ભારતમાં પણ ૭૫%નો ઘટાડો થયો છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં આપણા ૮૫ લાખ એકાઉન્ટ



હેક થયાં હતાં એટલે કે દર મિનિટે ૬૫ એકાઉન્ટ લીક થયાં હતાં.

તમારા પર્સનલ ડેટામાં સૌથી વધુ હેકિંગ ઈન્ટરમીડિયરીઝ મારફતે થાય છે. આ એવી સંસ્થાઓ છે જ્યાં તમે તમારો વ્યક્તિગત ડેટા શેર કરો છો અને ત્યારબાદ હેકર્સ તેના પર અટેક કરીને લાખો-કરોડો લોકોની જાણકારીઓ એકત્ર કરી લે છે. પછી તે બેંક હોય, સ્કૂલ હોય કે કંપની. જ્યાં સુધી ડેટા પ્રોટેક્શન બિલ નહીં આવે ત્યાં સુધી આ સંસ્થાઓની પણ કોઈ જવાબદારી નક્કી નથી અને ન તેઓ કોઈ વળતર આપવા માટે બંધાયેલ છે. સાઈબર સુરક્ષા માટે વ્યક્તિગત રીતે તમે સૉફ્ટવેર અપડેટ, એકાઉન્ટનું ટૂ સ્ટેપ ઓથેન્ટિકેશન, સાઈબર અટેક કવરેજ અને ક્રેડિટ-ડેબિટ કાર્ડની લિમિટ મર્યાદિત કરવા જેવા કામ કરી શકો છો. જો કે તેમ છતાં સાઈબર એટેકથી સુરક્ષાની કોઈ ગેરંટી નથી.

સાઈબર ક્રાઈમ, તેલંગાણા ટૉપ, યુપી બીજા ક્રમે ગૃહમંત્રાલય અનુસાર વર્ષ ૨૦૨૧માં સાઈબર ક્રાઈમની ૫૨,૯૭૪ ઘટના નોંધાઈ હતી. તેમાં સૌથી વધુ તેલંગાણામાં ૧૦,૩૦૩, ત્યારબાદ યુપી (૮,૮૨૯) અને કર્ણાટક (૮૧૩૬)માં નોંધાઈ હતી. ૨૦૨૧માં ૧૦,૭૦૩ મહિલાઓ સાથે ઑનલાઈન ફ્રોડની ઘટના નોંધાઈ હતી. મહિલાઓથી જોડાયેલી સાઈબર ક્રાઈમની સૌથી વધુ ઘટના કર્ણાટક (૨૨૪૩), મહારાષ્ટ્ર (૧૬૯૭) અને યુપી (૯૫૮)માં સામે આવી છે.

૧ સૂચનાની ચોરી એપલ જેવી કંપની તેનો શિકાર બની છે. વાસ્તવમાં, કોઈ કર્મચારીએ નવા આઈફોનનો પ્રોટોટાઈપ ભૂલથી ડેસ્ક પર છોડી દીધો. કેટલાક કલાક બાદ જ તેના ફીચર-હાર્ડવેરની વિગત ઑનલાઈન હતી. ૨ રેનસમવેર સિસ્ટમમાં રેનસમવેર સોફ્ટવેર નાખતા જ ફાઈલ લોક થઈ જાય છે અને હેકર્સ ડેટાને બદલે ખંડણી માંગે છે.૩ પાસવર્ડની ચોરી અનેક લોકો ખૂબ જ સરળ નામ રાખે છે જેમ કે બર્થડે, ૧૨૩૪ વગેરે જેની અનુમાનથી ચોરી થાય છે.૪ કીલૉગર્સ હેકર તમારી સિસ્ટમમાં કીલૉગર્સ સોફ્ટવેર ઉમેરે છે ત્યારબાદ તમે જે પણ ટાઈપ કરો છો તેનું રેકોર્ડિંગ સાંભળી શકે છે.

## ભારત-જર્મની સાથે મળી છ યુદ્ધજહાજ બનાવશે

નવીદિલ્હી,

ભારત-જર્મની સાથે મળીને ભારતીય નેવી માટે જર્મનીના સહયોગથી ૫૨ અબજ ડોલરના ખર્ચે ૬ જહાજનું નિર્માણ કરશે.જે અંગે જર્મનીના સંરક્ષણ પ્રધાન બોરિસ પિસ્ટોરિયસે લગભગ ૪૩,૦૦૦ કરોડના ખર્ચે ૬ જહાજના નિર્માણની ભારતની યોજનામાં રસ દાખવ્યો હતો.જેમા પિસ્ટોરિયસ સાથેની મંત્રણામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત-જર્મની વચ્ચેના સંરક્ષણ સંબધો વધુ મજબૂત બની શકે છે. આ સિવાય સિંહે જર્મનીને ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમા સંરક્ષણ રોકાણ કરવાનુ આમંત્રણ આપ્યું હતુ.આમ બંને સંરક્ષણ પ્રધાનોએ ઈન્ડોપેસેફિક ક્ષેત્રમાં ચીન વધતી જતી આક્રમકતા સહિત ક્ષેત્રીય સુરક્ષાની પણ સમીક્ષા કરી હતી.જર્મનીના સંરક્ષણ પ્રધાન ચાર દિવસના ભારતના પ્રવાસ હેઠળ દિલ્હી પહોંચ્યા હતા.પિસ્ટોરિયસ ૨૦૧૫ પછી ભારતની મુલાકાતે આવનાર જર્મનીના પ્રથમ સંરક્ષણ પ્રધાન છે.

## રશિયામા ફસાયેલા મુસાફરો માટે એર ઈન્ડિયા બીજી ફ્લાઈટ મોકલશે

રશિયા,

રશિયાના મગદાનમા એર ઈન્ડિયાના બોઈંગ વિમાનના ઈમરજન્સી લેન્ડિંગ બાદ ત્યાં ફસાયેલા મુસાફરો પર કેન્દ્ર સરકાર ચાંપતી નજર રાખી રહી છે.જેમાં એર ઈન્ડિયાની બીજી ફ્લાઈટ આજ બપોરે ૧ વાગ્યે મગદાન માટે રવાના થશે,જે ફસાયેલા મુસાફરોને સાન ફ્રાન્સિસ્કોથી લઈને રવાના થશે.જ્યારે બીજીતરફ અમેરિકા પણ આ સમગ્ર મામલે નજર રાખી રહ્યું છે કારણ કે વિમાનમાં કેટલાક અમેરિકન નાગરિકો પણ હોવાની શક્યતા જોવા મળી રહી છે.જેમાં અમેરિકન મુસાફરો કેટલા છે તે અંગે કોઈ સ્પષ્ટ આંકડો જણાવાયો નથી. આમ વર્તમાનમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને અમેરિકાએ યુક્રેનને યુદ્ધમાં સાથ આપ્યો છે.જેના લીધે રશિયા તેનો ખુલ્લેઆમ વિરોધ કરે છે.મગદાન નાનો વિસ્તાર છે જે એરપોર્ટની આજુબાજુ પૂરતી સંખ્યામાં હોટેલો પણ નથી એવામાં આ યાત્રીઓને એરપોર્ટની નજીકની સ્કૂલમાં રખાયા છે.

## વિશ્વના ટોચના ૨૦ પ્રદૂષિત શહેરમાં ભારતના ૧૫ શહેરનો સમાવેશ

નવીદિલ્હી,

દેશના વાતાવરણમાં શ્વાસ લેવો મુશ્કેલ છે. ગયા વર્ષે ઘણા શહેરોની હવા અત્યંત ઝેરી રહી છે. આ વાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૫ શહેરો ભારતના છે. જો કે, ગયા વર્ષ એટલે કે ૨૦૨૨ ની સરખામણીમાં, નબળી હવાની ગુણવત્તાવાળા દેશોની યાદીમાં ભારત ત્રણ સ્થાન સુધર્યું છે. તે જ સમયે, ચાડ, ઈરાક, પાકિસ્તાન, બહેરીન અને બાંગ્લાદેશ વિશ્વના સૌથી પ્રદૂષિત દેશો છે. આ સાથે જ ભારત આઠમા સ્થાને પહોંચી ગયું છે.

સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપનીએ વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે વિશ્વના ટોચના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૩૮ ભારતના છે. આ રિપોર્ટ જણાવે છે કે



દેશમાં કેટલું પ્રદૂષણ ફેલાયું છે. વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર પાકિસ્તાનનું લાહોર છે. આ પછી બીજા સ્થાને ચીનના હોટનનો નંબર આવ્યો છે, જ્યારે ભારતનું ભિવંડી ત્રીજા સ્થાને રહ્યું છે.

દુનિયાના ટોપ ૨૦ સૌથી પ્રદૂષિત શહેરો.

૧) લાહોર, પાકિસ્તાન,૨) હોટન, ચીન,૩) ભિવંડી, ભારત,૪) દિલ્હી, ભારત,,૫) પેશાવર, પાકિસ્તાન,,૬) દરભંગા, ભારત,૭) આસોપુર, ભારત,૮) નજમેના, ચાડ,૯) નવી દિલ્હી, ભારત,૧૦) પટના, ભારત,૧૧) ગાઝિયાબાદ, ભારત,૧૨) ધરુહેરા, ભારત,,૧૩) બગદાદ, ઈરાક,૧૪) છાપરા, ભારત,૧૫) મુઝફ્ફરનગર, ભારત,૧૬) ફૈસલાબાદ, ભારત,૧૭) ગ્રેટર નોઈડા, ભારત,૧૮) બહાદુરગઢ, ભારત,,૧૯) ફરીદાબાદ, ભારત,૨૦) મુઝફ્ફરપુર, ભારત.

ભિવંડી દેશનું નંબર વન સૌથી પ્રદૂષિત શહેર છે. આ પછી નંબર દિલ્હીનો આવે છે. રાષ્ટ્રીય રાજધાની હોવાના કારણે દરેકનું ધ્યાન આ શહેર પર જ રહે છે. દિવાળી પછી પ્રદૂષણ એટલું વધી જાય છે કે લોકો માસ્ક વગર ઘરની બહાર નીકળવાનું ટાળે છે. ફટાકડા સળગાવવાના કારણે આકાશમાં ધુમ્મસ છવાયેલુ રહે છે.

તાજેતરમાં, દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે વિકાસની ઝડપી ગતિ અને શાળાઓ, હોસ્પિટલો અને ફ્લાયઓવરના નિર્માણ છતાં, છેલ્લા આઠ વર્ષમાં શહેરમાં પ્રદૂષણનું સ્તર નીચે આવ્યું છે. પીએમ ૨.૫ અને પીએમ ૧૦ બંને સ્તર ૨૦૨૨ માં ૨૦૧૬ ના આંકડાઓની તુલનામાં ૩૦ ટકા સુધી ઘટશે. જ્યારે પણ વિકાસના કામો થાય છે ત્યારે તેની સાથે વૃક્ષો કાપવા, રસ્તાનું બાંધકામ અને ધૂળવાળી માટી વગેરેને કારણે પ્રદૂષણ થાય છે.

# મહિસાગર જીલ્લાના ખેડુતમિત્રો જાણવા જોગ : કપાસની જીવતોના સંકલિત વ્યવસ્થાપન માટેનાં વાવણી સમયે લેવાના પગલાં

મહિસાગર, મહિસાગર જીલ્લાના ખેડુતમિત્રો જણાવવાનું કે,અગાઉ પાક પુરો થઈ ગયા બાદ કપાસ નાં ખેતરમાં ખરી પડેલા ફૂલ, કળી અને જીંડવા ભેગા કરી નાશ કરવો,શક્ય હોય તો પાકની ફેરબદલી અને દર બે વર્ષે ઉંડી ખેડ કરવાથી જમીનમાં રહેલ કોશેટા નાશ પામે છે. ઓછા પ્રતિકારક જાતોમાં જીવાતોનો ઉપદ્રવ ઓછો લાગતો હોવાથી દવા છાંટકાવ અને અન્ય ખર્ચ બચે છે અને પર્યાવરણને નુકસાન કર્યા વિના વધુ ઉત્પાદન મેળવી શકાય છે, કપાસની બીટી જાતોનું વાવેતર કરતા હોય તો સરકાર માન્ય તથા પેક-ટીનમાં બિયારણ ખરીદીને તેમાં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબ વાવેતર કરવું,અધિકૃત/માન્ય બીટી કપાસની સંકર જાતોનું બિયારણ ખરીદવું.

ભારત સરકાર દ્વારા માન્ય થયેલ અને ગુજરાત રાજ્યમાં થયેલ ચકાસણીના પરિણામોમાં આધારે રાજ્યમાં વાવેતર માટે રજીસ્ટર્ડ થયેલ બીટી સંકર જાતોનું વાવેતર કરવું. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ બીજ ઉત્પાદક કંપનીઓ દ્વારા બીટી કપાસનાં બિયારણ (૪૭૫ ગ્રામ)માં જ ૫% નોન બીટી (રેફ્યુજીયા) બિયારણને મિશ્ર પેકેટ તૈયાર કરી આપવામાં આવે છે જેનું વાવેતર કરવાની ભલામણ છે, કપાસમાં ગુલાબી ઈયળનાં આક્રમણથી બચવા માટે પ્રથમ સારા વરસાદે વાવેતર કરવું,કપાસનું વાવેતર શક્ય તેટલું વહેલા કરવાથી ચૂસીયાં પ્રકારની જીવાતોનું આક્રમણ ઓછું જોવા મળે છે.

પાકની શરૂઆતની અવસ્થામાં નુકશાન કરતી ચૂસીયા પ્રકારની જીવાતો (મોલો, તડતડીયાં, થ્રીપ્સ અને સફેદ માખી) થી રક્ષણ મેળવવાં બિયારણને વાવતા પહેલા એક કીલો બીયારણ દીઠ ૧૫ ગ્રામ કાર્બોસલ્ફાન ૨૫ ડીએસ અથવા ૭.૫ ગ્રામ ઈમિડાકલોપ્રીડ ૭૦ ડબ્લ્યુએસ અથવા ૫ મિ.લિ. ઈમિડાકલોપ્રીડ ૭૦ એફએસ અથવા ૨.૮ ગ્રામ થાયોમેથોક્ઝામ ૭૦ ડબ્લ્યુએસ અથવા ૩ ગ્રામ થાયોમેથોક્ઝામ ૩૦ એફએસ પ્રમાણેની માવજત આપી વાવેતર કરવું સરકાર માન્ય બીટી બીયારણ ને યોગ્ય જંતુનાશક દવાનો પટ આપેલો જ હોય છે.

વાવણી માટે જમીનની તૈયારી સમયે કીડીઓની વસાહતોનો નાશ કરવા કીડીઓના દર શોધી કાઢી તેમાં ૧૦ લિટર પાણીમાં ૨૫ મિ.લિ. ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ભેળવીને બનાવેલા પ્રવાહી મિશ્રણ રેડવું,ચીકટો ઉપદ્રવિત વિસ્તારમાં વાવણી પહેલા ક્વિનાલફોસ ૧.૫ ટકા ભૂકી કે ક્લોરપાયરીફોસ ૧.૫ ટકા ભૂકી હેક્ટરે ૨૦-૨૫ કીલો પ્રમાણે જમીનમાં નાખી ખેડ કરવી અથવા હેક્ટરે ૨ લિટર ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી પિયત વખતે ટીપે ટીપે આપવી.

ખેત ઓજારો જેવાં કે હળલકડ, કરબ, ટ્રેક્ટર વગેરેને ચીકટો ઉપદ્રવિત ખેતરમાં ઉપયોગ કર્યા પછી તંદુરસ્ત ખેતરમાં ખેડ કરવા જતા પહેલાં પાણીનાં ફુવારાથી બરાબર સાફ કરીને ઉપયોગ કરવો, કપાસનાં ખેતરમાં મકાઈની છાંટ નાખવાથી જીવાતના કુદરતી નિયંત્રકોની વૃધ્ધિમાં વધારો થાય છે.

ખેતરની એક બાજુ ૧ કે ૨ ગૂંઠામાં પરજીવી-પરભક્ષી કીટકો માટેનું અભયારણ્ય (એન્ટોમોફેઝ પાર્ક) બનાવવું, લશ્કરી ઈયળની માદા ફુદી કપાસ કરતા દિવેલાનાં પાન પર ઈંડા મુકવા વધુ પસંદ કરતી હોવાથી કપાસના પાક ફરતે દિવેલાની વાવણી કરવી,કપાસના ખેતરની ફરતે ગલગોટાની વાવણી કરવાથી લીલી ઈયળનુ ફૂદુ ગલગોટાના ફૂલ તરફ આકર્ષિત થાય છે અને ફૂલ પર પોતાના ઈંડા મૂકે છે. ગલગોટાનાં ફૂલને ઈંડા તથા ઈયળ સહિત તોડી લેવાથી ઈયળથી થતુ નુકસાન કાબુમાં રાખી શકાય છે.

કપાસની દર દસ હાર પછી એક હાર મકાઈ, ગલગોટા, જુવાર, કઠોળ પાકો વાવવાથી કપાસની જીવાતોના પરજીવી/પરભક્ષી જેવા કે, દાળીયા અને ક્રાયોસોપાની જાળવણી કરી શકાય છે અને કપાસની ફરતે શણની એક હાર વાવવાથી કાતરાના નુકશાનને અટકાવી શકાય છે.

# લુણાવાડાના ST ડેપો પાસે પડેલ ખાડાઓના કારણે અકસ્માતનો ભય

ખારોલ, મહિસાગર જિલ્લાના લુણાવાડાના એસ.ટી.સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વાર પર વારંવાર ગાબડાઓ પડે છે.

લુણાવાડા નગરમાં આવેલા એસ.ટી.સ્ટેન્ડમાં મોટી સંખ્યામાં વાહનો અને એસ.ટી.બસો અવર જવર કરતી જણાઈ રહે છે. મુસાફર અને વાહનચાલકો માટે લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર પડેલા તોતિંગ ખાડાઓ ઉપર પસાર થતાં ઘણી વખત નાના ભુલકાઓ કે વયોવૃદ્ધ ઈસમોને પડવા અને વાગવાનો ભય સતાવી રહ્યો છે. આ મુખ્ય પ્રવેશદ્વાર ઉપર વારંવાર ગાબડાઓ પડવા પામતા હોવા છતાં પણ આ બાબતે કોઈ નક્કર કાર્યવાહી એસ.ટી.તંત્ર દ્વારા કરવામાં આવતી થી. જેના કારણે આ પ્રવેશદ્વાર ઉપરથી સ્ટેન્ડની અંદર અવર જવર કરતી બસોના ટાયરને પણ નુકસાન થવાની સંભાવના જણાઈ રહી છે. ઘણીવાર આ તોતિંગ ખાડાઓ ઉપર પસાર થતી એસ.ટી.બસો ખાડાઓમાં આવી બંધ પડી જતી હોય છે. બીજી બાજુ દ્વિચકી વાહનચાલકો પણ આવા તોતિંગ ખાડાઓથી પરેશાન થઈ ગયા છે. ખાડાઓમાંથી લોખંડના સળિયાઓ પણ બહાર ડોકાઈ રહેલા જણાય છે. લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વાર પર પડેલા ગાબડાઓનુ સમારકામ કરી મુસાફર અને વાહનચાલકોને અકસ્માત થવાના ડરમાંથી મુક્તિ મળે તેવી માંગણી મુસાફરો કરી રહ્યા છે.

# વિરપુરના દુધેલા ગામે એકતરફી પ્રેમમાં યુવતીના હત્યાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

વિરપુર, વિરપુર તાલુકાના દુધેલા ગામે ગત વર્ષે એકતરફી પ્રેમમાં પાગલ યુવાને યુવતીને મોતને ઘાટ ઉતારી દેવાના બનાવમાં હત્યારાને મહિસાગર જિલ્લા કોર્ટે આજીવન કેદની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

દુધેલા ગામે રહેતો શૈલેષ ફુલાભાઈ પગી ગામમાં રહેતી ૨૧ વર્ષની યુવતિના એકતરફી પ્રેમમાં પડ્યો હતો. એક વર્ષ અગાઉ આ યુવતિ તેના પરિવાર સાથે ઘઉંની કાપણી કરવા ખેતરે ગઈ હતી. જયાંથી કામ પુર્ણ કરી યુવતિ તેના ઘર તરફ જતી હતી. તે સમયે શૈલેષે તેને રસ્તામાં આંતરી હતી પરંતુ યુવતિએ તેને પ્રેમ સંબંધ રાખવાની ના પાડતા શૈલેષે પ્રેમ સંબંધ કેમ નથી રાખવો તેમ કહી ચપ્પુના ઘા ઝીંકી દઈ તેની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ શૈલેષે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જે અંગેની ફરિયાદ વિરપુર પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી હત્યારા શૈલેષ પગી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. જે કેસ જિલ્લાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ સર્જન આર.ડામોરની દલીલોને ગ્રાહ્ય રાખી પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ એચ.એ.દવેએ આરોપી શૈલેષ પગીને આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

# વીરપુરના ખરોડ-જબુડી ગામ પાસે જેસીબી અને બાઈક વચ્ચે થયેલા અકસ્માત બાઈક સવાર બે યુવાનો મોત



વીરપુર, વીરપુર તાલુકાના ખરોડ-જબુડી ગામ વચ્ચે બાઈક અને જેસીબી વચ્ચે થયેલ અકસ્માતમાં બાઈક સવાર બે યુવાનોને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ વીરપુર તાલુકાના ખરોડ-જબુડી ગામ વચ્ચે રોડ ઉપર બાઈક અને જેસીબી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેસીબીથી ટકકરે બાઈક સવાર બે યુવાનોને ગંભીર ઈજાઓ થતાં બન્ને યુવાનોના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માત ઘટનાની જાણ થતાં વીરપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

# મહીસાગર જીલ્લામાં કમોસમી વરસાદ પડવાની સંભાવના હોઈ ખેડૂત મિત્રોને સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવે છે

મહિસાગર, હવામાન વિભાગના દ્વારા મળેલ સુચના મુજબ આગામી તારીખ ૦૭/૦૬/૨૩ થી ૧૧/૦૬/૨૩ સુધી રાજયના જીલ્લાઓ પૈકી મહીસાગર જીલ્લામાં કમોસમી વરસાદ પડવાની સંભાવના હોઈ નાયબ બાગાયત નિયામક,મહીસાગર દ્વારા ખેડૂત મિત્રોને સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવે છે.

કમોસમી વરસાદથી બાગાયતી પાકને નુકસાનથી બચવા ખેતરમાં કાપણી કરેલ બાગાયતી પાક ખુલ્લા હોઈ તો તેને તાત્કલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા તાડપત્રી/પ્લાસ્ટીકથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવા જરૂરી પગલાં લેવા,આંબાની ખેતી કરતાં ખેડુત મિત્રો એ ઉત્પાદન અવસ્થાએ કેરી ને ઉતારીને સુરક્ષિત સ્થાને સંગ્રહ કરવો,પપૈયા તથા જામફળ જેવા ફળ પાકોમાં ટેકા આપવા તથા થડ ની આજુબાજુ માટી ચઢાવવી,બાગાયતી પાકોમાં પિયત આપવાનું ટાળવું.

જંતુનાશક દવા અને રાસયણિક ખાતરનો ઉપયોગ આ સમયે ટાળવો. વધુમાં વરસાદ બાદ ફળ,ફુલ અને શાકભાજી પાકોમાં રોગ જીવાતનો ઉપદ્રવ વધે તેવું જણાય તો યોગ્ય નિયંત્રક પગલા લેવા. એપીએમસીમાં વેપારી મિત્રો અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવે છે. માર્કેટ યાર્ડમાં આ દિવસોમાં ખેત પેદાશો ખુલ્લી જગ્યામાં ન રાખતા સુરક્ષિત સ્થળે રાખવા જણાવવામાં આવે છે.

# બાલાસીનોર પાણી પુરવઠાના નમનાર જુથ યોજનાની મુખ્ય પાઈપ લાઈનમાં ચાર દિવસથી ભંગાણ સર્જાતા દશ જેટલા ગામોને પાણીની ભારે સમસ્યા



બાલાસીનોર, બાલાસીનોર પાણી પુરવઠાના નમનાર જુથ યોજનાની મેઈન લાઈનમાં ભંગાણ સર્જાતા ૧૦ જેટલા ગામો પાણી વ્હોણા બન્યા છે. પાણી પુરવઠા એન્જીનિયર દ્વારા રટન કોન્ટ્રાકટરને વાત કરી છે થઈ જશે ભરઉનાળે પાણીની કિલ્લકતથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે.

બાલાસીનોર પાણી પુરવઠાના નમનાર જુથ યોજનાની મુખ્ય પાઈપ લાઈનમાં છેલ્લા ચાર દિવસથી ભંગાણ સર્જાયું છે. પાડવા થઈને કેડી મંદિર જતી મુખ્ય પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ થતાં પાડવા, વસાદરા, પટલીયા, દોલત પોઢડા, આલેલા, ગુંદેલા ગામો પાણી મળતું નથી. પાણીની લાઈન પાઈપનો કોન્ટ્રાકટરની મનમાની સામે આવી છે. ચાર દિવસથી પાણીની લાઈનની મરામત માટે વેલ્ડીંગવાળો મળતો નથી. તેમ કહી રહ્યો છે. આ બાબતે પાણી પુરવઠા એન્જીનિયરને વાત કરતાને પણ લોકોની પાણી વગર પડતી મુશ્કેલીઓ સમજી શકતા ન હોય તેમ કોન્ટ્રાકટરને વાત કરેલ છે. પાઈપ લાઈન હોય તેમ કોન્ટ્રાકટરને વાત કરેલ છે. પાઈપ લાઈન રીપેર થઈ જશે. ભરઉનાળામાં પાણી નહિ મળતાં ગ્રામ્ય વિસ્તારોના લોકો પરેશાન થઈ રહ્યા છે. નમનાર જુથ પાણી પુરવઠાની મેન લાઈનમાં ભંગાણ સર્જાયેલ હોય અને દશ જેટલા ગામો પાણીની કિલ્લત વેઠી રહ્યા હોવા છતાં વહીવટી તંત્ર આ બાબતે ભરનિંદ્રામાં હોય તેવું જણાઈ રહ્યું છે.

# પીપલોદ પોલીસ સ્ટેશન તેમજ GEPL (ભથવાડા ટોલ) ટીમ દ્વારા ભથવાડા ટોલ ટેક્સ પર માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો



પીપલોદ, અવાર નવાર હાઈવે પર અકસ્માતના બનાવ બનતા હોય છે. તેને ધ્યાનમાં રાખીને આજ રોજ પીપલોદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.બી. પરમાર, પીપલોદ પોલીસ ટીમ તેમજ GEPL ટીમ દ્વારા ભથવાડા ટોલ ટેક્સ પર માર્ગ સલામતી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હાઈવે પર ચાલતી ગાડીઓ ટ્રેક્ટર, ટ્રક, કાર, બસ, ટુ વ્હીલર જેવા વાહનો ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સૂચના આપવામાં આવી અને તેઓને ફ્રૂટ અને જ્યુસ વિતરણ કરવામાં આવ્યું. જે વાહન ચાલકો દ્વારા રોડ ટ્રાફિક ના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું તેઓને બિરદાવવામાં આવ્યા.

# દે.બારીયા નગર પાલિકાના દ્વારા પ્રિ-મોન્સુનની કામગીરી કયારે હાથ ધરાશે પણ ખરી ???

દે.બારીયા, દાહોદ જીલ્લા કલકેટરના આદેશને પણ નગર પાલિકાનું તંત્ર માણવા તૈયાર નથી. એક માસ પહેલા તાલુકા અને શહેરી જીલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની જરૂરી મોનસુન અગચત ચોમાસા પૂર્વ ભાગરૂપે ચર્ચા વિચારણા દાહોદ જીલ્લાના તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સાથે પ્રિ-મોન્સુન અંગની કામગીરીને અનુલક્ષી યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા માટેની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ નગર પાલિકાના વહિવટી તંત્રની મોનસુન દસ્તક થઈ ચુકી છે. તેમજ સાયકલોન ચોમાસા પૂર્વ આવી રહ્યા છે. તેમ છતાં નગર પાલિકાનું તંત્ર મોનસુનના પૂર્વ તૈયારી માટે ઉદાસીનતા જોવા મળી રહી છે. વરસાદી કાંસો તેમજ ગંદા પાણીની કાંસો તથા શહેરી ગટરો ઉભરાઈ રહી છે. પીપલોદ રોડ ઉપર ભુર્ગભ ગટર ઉભરાઈને ગંદુ પાણી રોડ ઉપર વહી રહ્યું છે અને નગર પાલિકાનું તંત્ર કુંભકર્ણની નિંદ્રાહિન છે.

હવામાન વિભાગના સુત્રો અનુસાર મોનસુન ૧૫ જુનની આસપાસ ગુજરાતમાં પ્રવેશ કરી શકે છે પરંતુ એના પહેલા ગુજરાત ઉપર વાવાઝોડાનો બીજો હુમલો થવાની સંભાવના રહેલી છે. તેના માટે નગર પાલિકાની કેવી તૈયારી છે. તેને લઈને દે.બારીયાના મામલતદાર જી.એમ.શાહ નગર પાલિકાની મુલાકાતે જવાના છે. પ્રિ-મોનસુનની કામગીરીની ચકાસણીના માટે તેવું અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીને મામલતદાર શાહ એ જણાવ્યું છે. એક માસથી કલેકટરનો આદેશ હોવા છતાં પ્રિ-મોનસુનની કામગીરી હાથ ધરી નથી. ખાલી ગટરો સાફ કરીને તેનો કાદવ-કચરો ત્યાંજ ફેંકી રાખવામાં આવે છે. તે કેટલું વ્યાજબી ખાસ કરીને વરસાદી કાંસોની સાફસફાઈ થઈ જવી જોઈતી હતી. પણ શું ? ખબર આ પ્રિ-મોનસુનના કાર્યો પેપર ઉપર તો બતાવી તો નહિ દેવાય તે યક્ષ પ્રશ્ન છે.

# દે.બારીઆ અને પીપલોદમાં ખાણી-પીણીની લારીઓ પર સ્વચ્છતાંના અભાવે રોગચાળાનો ભય

દે.બારીઆ, હાલના સમયમાં સામાન્ય રીતે સવારે ચટાકેદાર ગરમ નાસ્તો અને ચા પીવાનુ લગભગ યુવા પેઢી બજારમાં જઈને કરતા હોય છે. દે.બારીઆ શહેર સહિત પીપલોદ બજારમાં ખાણી-પીણીની લારીઓ અને દુકાનો વહેલી સવારથી ખુલી જતી હોય છે. આ જગ્યાએ ગરમા ગરમ ટેસ્ટફુલ નાસ્તા મળતા હોય છે. પરંતુ કેટલાક નાસ્તા સેન્ટર ઉપર યોગ્ય ગુણવત્તા જળવાતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. હલકી ગુણવત્તાનુ તેલ અને સ્વચ્છ પાણી, હલકુ બેસન અને મેંદાના લોટની વાનગીઓ લોકો હોંશે હોંશે ખાતા હોય છે. દે.બારીઆ શહેરમાં ટાવર પાસે વહેલી સવારે નાસ્તાની લારીઓનુ દુષિત પાણી રોડ ઉપર નાંખવામાં આવતા વાહનચાલકો અને રાહદારીઓને આ પાણી ઉડવાથી કપડા પણ ખરાબ થતા હોય છે. ખાણી-પીણીની લારીઓ અને દુકાનોમાં ભાગ્યે જ સ્વચ્છતા જોવા મળે છે. પીપલોદ બાયપાસ હાઈવે ઉપર કયાંક કયાંક માસ, મટનની નોનવેજ હોટલો પણ ગેરકાયદેસર શરૂ થઈ ચુકી છે. બજારમાં બનતા નાસ્તા સ્વાસ્થ્ય માટે કેટલા આરોગ્યપ્રદ હશે તેની જવાબદાર તંત્રએ દરકાર લઈ નાસ્તા સેન્ટરોની તપાસ કરવી જરૂરી છે.

# ફતેપુરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા, ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા મુકામે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માર્કેટીંગ યાર્ડના સભાખંડમાં દાહોદ સહકારી મંડળી રજીસ્ટારની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે પ્રફુલભાઈ ડામોર અને વાઈસ ચેરમેન તરીકે નાથુભાઈ ડીંડોરના નામનું ભાજપ દ્વારા મેન્ડેટ આવતા અને બીજા કોઈ ઉમેદવારોએ ઉમેદવારી નહીં નોંધાવતા ચેરમેન તરીકે પ્રફુલભાઈ ડામોર અને વાઈસ ચેરમેન તરીકે નાથુભાઈ ડીંડોરનું ફોર્મ આવતા અને બીજા કોઈ ઉમેદવારોનો ફોર્મ રજૂ નહીં થતા બંને ઉમેદવારો ચેરમેન તરીકે પ્રફુલભાઈ ડામોર અને વાઈસ ચેરમેન તરીકે નાથુભાઈ ડીંડોરને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. બંને ઉમેદવારોને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવતા તેમના ટેકેદાર દ્વારા ફટાકડા ફોડી ફૂલહાર કરી ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. કોઈપણ જાતની અઘતિત ઘટના ના ઘટે તે માટે ફતેપુરા પીએસઆઈ ભરવાડ દ્વારા માર્કેટિંગ યાર્ડમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ હતો. આમ ફતેપુરા માર્કેટિંગયાર્ડની ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થવા પામેલ હતી.

# ઝાલોદ પાલિકા દ્વારા છેલ્લી ટર્મમાં વિકાસના કામો પુર્ણ ન થતાં નગરજનોમાં નારાજગી

ઝાલોદ, ઝાલોદ પાલિકાની ટર્મ પુરી થતાં હાલ પાલિકાની ધુરા વહીવટદાર પાસે છે. ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં પાલિકા દ્વારા કરવામાં આવેલી કામગીરીને લઈને નગરજનોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. તો છેલ્લા પાંચ વર્ષમાં એકપણ કામગીરી પુર્ણ કરવામાં અસમર્થ રહેલા પાલિકાની સત્તા સંભાળનારા બંને પક્ષો માટે નગરજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ઝાલોદ નગરના વિકાસ માટે સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાં નગરની આગવી ઓળખ, રસ્તા, ડ્રેનેજ, બ્યુટિફિકેશન, સોલર લાઈટ, વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ હજુ તેમાના કેટલાક કામો અધુરા છે. છેલ્લા પાંચ વર્ષમાં પાલિકાની સત્તા પહેલા અઢી વર્ષ કોંગ્રેસ અને પછી ભાજપ એમ બંને પક્ષો દ્વારા સંભાળવામાં આવી હોવા છતાં બંને પક્ષોએ વિકાસની મોટી મોટી વાતો જ કરી અને નગરજનોને માત્ર આશ્વાસનો જ આપ્યા હોવાનો ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.

## પંચમહાલ જીલ્લાના ખેડૂતોજોગ સંદેશ

# આગામી ખરીફ પાકોના વાવેતર સમયે બિયારણની ખરીદી કરતી વખતે ખેડૂતો દ્વારા રાખવાની થતી વિશેષ કાળજી

ગોધરા, પંચમહલ જીલ્લાના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે રાખવાની થતીકાળજી અંગે જણાવવાનું કે, બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનોધરાવતા ન હોય તેવા વ્યકિતઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી,

છેતરપીંડીથી બચી શકાય.બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરૂં નામ અને સરનામુ અને જે બિયારણ ખરીદેલહોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું ફરજીયાત બને છે.

બિયારણનીથેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણસંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલીઅથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા જજી અને પજીજેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેકટર અથવા જીલ્લાના નાયબ ખેતીનિયામક (વિસ્તરણ)ને તુરંત જાણ કરવા જણાવ્યું છે.વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ/થેલી તેમજ તેનું બીલ પણ સાચવીરાખવુ જરૂરી છે. તેમ નાયબ ખેતી નિયામક વિસ્તરણ ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ૧૫ વર્ષની તરૂણીનું અપહરણ થતાં અભલોડ ગામના યુવક સામે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

દાહોદ, પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના અભલોડ ગામનો બોર ફળિયામાં રહેતો રાજેશ માનસિંગ વહોનીયા તારીખ ૨૪ એપ્રિલ નારોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં તાલુંની ૧૫ વર્ષ અને અગિયાર મહિનાની તરૂણીને પટાવી ફોસલાવી પત્ની તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હતો. જેમાં તરૂણાના પરિવારે તરૂણીની શોધ ખોળ કરી હતી. પરંતુ તરૂણીનો કોઈ પતો લાગ્યો ન હતો. જેથી તરૂણીના પરિવારજનોએ અભલોડ ગામનો બોર ફળિયામાં રહેતા રાજેશ માનસિંગ વહોનીયા સામે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# આપની આજ.......

મેષ : આજે તમે ખૂબ મહેનતુ બનશો. આ તમારી કાર્યક્ષમતામાં વધારો કરશે. આને કારણે તમે કાર્યસ્થળ પર સારું પ્રદર્શન કરશો. ઓફિસમાં પગાર વધારવાની વાત થઈ શકે છે.

વૃષભ : આજે કોઈ મિત્ર અથવા સંબંધીને થોડા પૈસા ઉધાર આપી શકાય છે. આજે તમે બીજાને આર્થિક મદદ કરશો. આજે તમારી કોઈપણ મુશ્કેલ સમસ્યાનું સમાધાન ખૂબ જ સરળતાથી બહાર આવશે.

મિથુન : આજે દિવસના પહેલા ભાગમાં તમને ઓછા પૈસા મળે તેવી સંભાવના છે. જો કે, બાળકને શારીરિક સમસ્યા હોઈ શકે છે જે તમારા તણાવનું કારણ બનશે. પરિવારમાં વાત કરતી વખતે તમારી વાણીમાં સંયમ રાખો.

કર્ક : આજે નોકરી સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરીને દિવસની શરૂઆત થશે. કદાચ આજે તમને પ્રમોશન સંબંધિત કોઈ સારા સમાચાર મળી શકે છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમને આજે કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચાર મળશે.

સિંહ : આજે તમે કોઈ વિરોધીની ટીકા તરફ કોઈ ધ્યાન આપશો નહીં, ફક્ત તમારું કાર્ય ચાલુ રાખો. સફળતા ચોક્કસ મળશે. જમીન-સંપત્તિ સંબંધિત ક્ષેત્રમાં તમને લાભ મળી શકે છે.

કન્યા : આજે તમને તમારી ઓફિસમાં કેટલાક નવા અધિકાર મળી શકે છે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે. સાંજનો સમય જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવામાં ખર્ચવામાં આવશે.

તુલા : જો તમે અન્યની ભાવનાઓને ઓળખો છો અને તે અનુસાર ચાલશો તો તમે સુખી થશો. ધ્યાનમાં રાખો કે કેટલીકવાર અન્યની વાત સાંભળવાનું ટાળવું નહીં.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે. દિવસના પ્રથમ ભાગમાં કેટલાક જરૂરી ફોન કોલ્સ અને ઈ-મેલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે. જો તમે ધંધો કરો છો તો આજનો દિવસ ખૂબ સારો રહેશે.

ધનુ : આજે તમારી જાતને સાબિત કરવાની ઘણી તક મળશે. તે તકો ઓળખવા અને તેના પર જીવવાની તમારી જવાબદારી છે. એ પણ વિચારો કે તકો ફરીથી બારણું ખખડાવતી નથી. તેથી, તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તમે વર્તમાન સમયમાં નફાની શક્યતાઓ જોશો.

મકર : કાર્યક્ષેત્રમાં આજે બધી જવાબદારીઓ નિભાવવાની રહેશે. સાંજ સુધીમાં તમારી બધી જવાબદારીઓ આરામથી પૂર્ણ થઈ જશે. આજે ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક પણ મળશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. કોઈ વાદ-વિવાદ અને સ્પર્ધામાં તમે જીતી શકો છો. વ્યવસાય સાથે જોડાવા માટે કોઈની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

મીન : આજે તમે તમારી જૂની બાકી ચૂકવણી કરી શકશો. આજે તમારે કેટલીક આવશ્યક ચીજોની ખરીદી કરવી પડી શકે છે. બાળકોને વધારે ખર્ચ પણ થઈ શકે છે. પરંતુ તમારા ખિસ્સાની વિશેષ કાળજી લો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના છાબ તળાવનું બ્યુટીફિકેશન કરી પર્યટન સ્થળ તરીકે વિકસાવા છતાં તળાવમાં ઠલવાતા ગટરના પાણીની દુર્ગંધથી લોકોમાં રોષ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ,
દાહોદના સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં અંદાજે ૧૧૦ કરોડ જેટલી માતબર રકમના જંગી ખર્ચે દાહોદના ઐતિહાસિક છાબ તળાવનું પાણી તેમજ તળાવને સ્વચ્છ કરવાની સાથે સાથે તળાવના બ્યુટીફિકેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે દાહોદવાસીઓ માટે સુંદર રળિયામણું પર્યટક સ્થળ બનીને રહેશે તેમ કહેવાઈ રહ્યું છે. ત્યારે આટલા સુંદર અને રમણીય છાબ તળાવમાં હજીએ ગટરના ગંદા પાણી ઠલવાતા રહેતા તળાવના પાણી પણ દુર્ગંધ મારતા બની જતા દાહોદ વાસીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર ભારતમાં સ્માર્ટ સિટી માટે નગરપાલિકા વાળા માત્ર એક જ દાહોદ શહેરને પસંદ કરવામાં આવ્યું છે. જ્યારે બાકી બધા મ્યુનિસિપલ કોર્પોરેશન વાળા શહેરોને જ સ્માર્ટ સિટી માટે પસંદ કરવામાં આવ્યા છે. દાહોદને સ્માર્ટ સિટી બનાવવા માટે આશરે ૧૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર, તેમજ દાહોદના ઐતિહાસિક છાબ તળાવના બ્યુટીફિકેશનનું કામ પૂર્ણ થયા બાદ શહેરમાં સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવે તે પહેલા રોડની આડે આવતા ગેર કાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને તે હજી એ ચાલુ જ છે. દાહોદમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત દાહોદના ઐતિહાસિક છાબ તળાવના બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં સૌપ્રથમ તળાવના પાણીમાં રહેલ લીલ, જળકુંભી તેમજ કચરો વગેરે દૂર કરી તળાવનું પાણી સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. તળાવને ફરતે કોટ બનાવી તળાવને રમણીય અને આહલાદક બનાવવામાં આવ્યું છે. જેમાં આવનાર દિવસોમાં બોટિંગ પણ શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે બોટીંગ માટે શુદ્ધ અને દુર્ગંધ મુક્ત પાણી હોવું જરૂરી છે. આ તળાવના બ્યુટીફિકેશન પાછળ પાલિકાના સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ રૂા.૧૧૦ કરોડ જેટલો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. તેમ છતાં આ ઐતિહાસિક છાબ તળાવમાં હજીએ ગામની ગટરોના દુર્ગંધ મારતા ગંદા પાણી છોડવામાં આવી રહ્યા છે. જે દુર્ગંધ મારતા ગંદા પાણી આખા તળાવના પાણીને બગાડી રહ્યા છે. જેને કારણે દાહોદ વાસીઓમાં છૂપો રોજ જોવા મળી રહ્યો છે. દુર્ગંધ મારતા ગંદા પાણી તળાવમાં છોડવાનું સત્વરે બંધ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. ત્યારે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ ના સત્તાધીશો દાહોદ વાસીઓની આ માંગને પૂરી કરવા કેવા પગલાં લેશે તે હવે જોવું રહ્યું.

## દાહોદ જીલ્લા ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે સાંસદની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ



દાહોદ,
કેન્દ્રની મોદી સરકાર દ્વારા સફળતા પૂર્વક ૯ વર્ષ પૂર્ણ કરતા સમગ્ર વિશ્વ ફલક ઉપર ભારત ને અગ્રીમ હરોળમાં લાવી જેના લીધે ભારતે વિશ્વ ગુરૂ તરફ હરણફાળ ભરી છે. આ કાર્યક્રમના ભાગરૂપે દાહોદ જિલ્લા કમલમ ખાતે આજે દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાત્રા ફતેપુરા શીત કેન્દ્ર વિકાસ તીર્થ ઉપર થી શરૂ થઈ હતી અને ટાંડા બ્રિજ વિકાસ તીર્થ થઈ જિલ્લામાં પ્રવાસ કર્યો હતો અને આવનાર દિવસોમાં જિલ્લામાં વેપારી સંમેલન થશે. ૧૫ જૂન નારોજ એક જાહેર સભાનું આયોજન થશે. પછી પ્રબુદ્ધ સંમેલન, સંયુક્ત મોરચાનું સંમેલન, લાભાર્થી સંમેલન, યોગ દિવસ, ૨૩ જૂન ડો.શ્યામાપ્રસાદ મુખર્જી ની પુણ્ય તિથિના દિવસે વડાપ્રધાન સાથે વિડિયો કોન્ફરન્સ થશે અને પછી વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ અને ભોજન અને ૨૫ જૂન મન કી બાત પછી આપાત કાલીન દિનના કાર્યક્રમ પછી ૬ દિવસ ઘર ઘર જનસંપર્ક કરવામાં આવશે. આ કાર્યક્રમ થકી લોકો સુધી સરકારની તમામ યોજનાઓ સિદ્ધિઓ તો પહોંચે છે, પણ સાથે સાથે લોક સંપર્ક દરમિયાન લોકોની સમસ્યાઓને સાંભળી સ્થળ ઉપર થીજ તેનો સત્વરે નિકાલ કરવાનું કામ કર્યું છે. જેનો રાછરડાનો એક પ્રશ્ન હતો જેમાં તેમને મેઘનગર ફરીને આવું પડે તેની રજૂઆત કરી તેને પૂર્ણ કરવાની દિશામાં કામ સ્થળ ઉપરથી શરૂ કરી દેવાયું. તો આમ આ સંપર્કથી લોકો સાથે વધુને વધુ કેવી રીતે આપડે સામાન્ય રીતે જોડાઈ શકીએ અને તેમની સાથે તેમના પ્રશ્નોના પણ નિકાલ કરી શકીએ તે હેતુ થી આ સંપર્ક થી સમર્થન યાત્રા કરવામાં આવી રહી છે અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જે લોકહિતના વિકાસ કર્યા છે અને જે થઈ રહ્યા છે. તેને જન જન સુધી પહોચાડવાનું કામ આ યાત્રા થકી થઈ રહ્યું છે.

દાહોદ જિલ્લામાં સંપર્કથી સમર્થન અને વિકાસ તીર્થ યાત્રાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. જેના ભાગરૂપે આજે પત્રકાર પરિષદનું આયોજન કમલમ ખાતે થયું હતું. ત્યાર પછી પ્રદેશ મીડિયા પ્રભારી હિરેન કોટક અને ટીમ દ્વારા દાહોદ આયુષ્માન હોસ્પિટલમાં ભરતી લાભાર્થીઓ ની મુલાકાત લેવામાં આવી હતી.

ત્યાર પછી સાંસદ જસવંતસિંહ ભાભોર, પ્રભારી સતીશ પટેલ, જિલ્લા પ્રમુખ શંકર આમલિયાર, મીડિયા પ્રભારી હિરેન કોટક સાથે ભાજપના ગરબાડામાં ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર એ ગરબાડા તાલુકાના ભે જિલ્લા પંચાયતની સીટના નળવાઈ ગામે રાધાસ્વામી સંપ્રદાયના આગેવાનની મુલાકાત લીધા બાદ શિવશક્તિ મંદિરના ગુરૂજી ગણેશપુરી શ્રી મહારાજ (ગાંગરડી) જોડે મુલાકાત થઈ. ત્યારબાદ અભલોડ જીલ્લા પંચાયત સીટના અગ્રણી મનુભાઈ હિહોર (નિવૃત્ત ડે. કલેક્ટર) તથા પ્રણામી મંદિર ઉમરીયા વાઘજી પરમાર (નિવૃત્ત શિક્ષક) જોડે સંપર્ક કરવામાં આવ્યો. ત્યારબાદ નઢેલાવ જિલ્લા પંચાયત સીટના અગ્રણી રામસિંગભાઈ ધનાભાઈ બારીયા (નિવૃત્ત આચાર્ય) સાથે જન સંપર્ક કરવામાં આવ્યો હતો. તદુપરાંત આજે ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ, ભે અભલોડ અને નઢેલાવ જિલ્લા પંચાયત સીટના અગ્રણીઓ જોડે સંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં ખૂબ સરો પ્રતિસાદ મળ્યો હતો.

## દાહોદના જાલત ગામે ૭ વર્ષીય બાળકને તાંત્રીકને ત્યાં લઈ જતાં પેટ ઉપર ડામ આપતાં તબીયત વધારે બગડતા તાંત્રીક વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,
શ્વાસની બિમારીથી પીડાતા ૭ વર્ષીય માસુમ બાળકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાને અંધશ્રદ્ધામાં રાચતા માવતરે દાહોદ તાલુકાના જાલત ગામે રહેતા એક તાંત્રીક પાસે લઈ જતાં તે તાંત્રીક માસુમ બાળકના માવતરે ના પાડી હોવા છતાં તે બાળકને પેટ ઉપર ત્રણ જગ્યાએ ડામ મૂકતાં બાળકની તબીયત વધારે બગડતાં બાળકની માતાએ તે તાંત્રીક સામે પોલીસ ફરિયાદ કર્યાનું જાણવા મળ્યું છે.

હાલના કોમ્પ્યુટર અને વિજ્ઞાનના યુગમાં પણ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અંધશ્રધ્ધાનું ભુત હજીયે ધુણી રહ્યું છે. જેના કારણે બડવા-ભુવાઓ તેમજ તાંત્રીકની દુકાનો ધમાકેદાર ચાલી રહી છે, આવા સમયે મધ્યપ્રદેશના પીલીયા ખદાન ગામની ગુડીબાઈ રાકેશભાઈ ભાભોર નામની ૨૫ વર્ષીય પરણીત મહિલાના ૭ વર્ષીય દિકરા અજયભાઈને શ્વાસની બિમારી હોઈ તેને સારવાર માટે કોઈ હોસ્પિટલમાં લઈ જવાને બદલે અંધશ્રદ્ધામાં માનતી ગુડીબાઈ રાકેશભાઈ ભાભોર પોતાના વ્હાલ સોયા દીકરા અજયને દાહોદ તાલુકાના જાલત ગામે રહેતા જયેશભાઈ જુવાનસિંહ સોલંકી(રાજપુત) નામના તાંત્રીક પાસે ગત તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ લાવી હતી. જ્યા તાંત્રીકે તેઓને બાળકને ડામવા પડશે તેવું જણાવ્યું હતું. જ્યારે અજયની માતા ગુડીભાઈએ પોતાના દીકરાને ડામ દેવાની સ્પષ્ટ ના પાડી હોવા છતાં તાંત્રીક જયેશભાઈ જુવાનસિંહ સોલંકીએ કોઈની વાત માન્યા વગર શ્વાસની બિમારીથી પિડાતા અજયભાઈને પેટ ઉપર ત્રણ જગ્યાએ ડામ દીધા હતા જેને કારણે અજયભાઈની તબીયત વધુ બગડતાં અજયભાઈની માતા ગુડીભાઈ રાકેશભાઈ ભાભોરે કતવારા પોલીસ સ્ટેશને આ સંબંધે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે જાલત ગામના જયેશભાઈ જુવાનસિંગ સોલંકી (રાજપુત) નામના તાંત્રીક વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૨૪ તથા બાળસુરક્ષ અધિનિયમ ૨૦૧૫ની કલમ ૭૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં રામપુરા ઘાસબીડ વૈવિધ્ય સભર વારસો : અનોખી ઓળખ



દાહોદ,
દાહોદ જીલ્લો વન સંપદા ધરાવતો જીલ્લો છે ત્યારે વન વિભાગ દ્વારા પર્યાવરણની જાળવણી, વૃક્ષ ઉછેર, વનોનું જતન, મહત્તમ વૃક્ષો વાવવા, તેમજ લોકોમાં વુક્ષ ઉછેર અને જતન માટે જન જાગુત્તિ કેળવાય તે. માટે અનોખા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.પર્યાવરણની જાળવણી અને વૃક્ષોના જતન માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેના કારણે દાહોદ જીલ્લો વન સંપદાની સંપત્તિ ધરાવે છે.

દાહોદ જીલ્લાના દાહોદ, સંજેલી, લીમખેડા, ગરબાડ તાલુકામાં ઘાસ બીડનો વિસ્તાર ધરાવે છે સૌથી મોટા વિસ્તાર રામપુરા ઘાસબીડ આવેલો છે તેનાથી દર વર્ષે ઘાસ એકત્રીકરણ કરવામાં આવે છે. આ જથ્થો અનામત રાખવામાં આવે છે. ગુજરાતના અન્ય જીલ્લાઓમાં જ્યારે પણ જરૂર પડે ત્યારે આ ઘાસનો જથ્થો રાજ્ય સરકારના હુકમ મુજબ વિતરણ કરવામાં આવે છે. રામપરૂા ઘાસબીડ વિસ્તાર ૪ હજાર હેકટર સળંગ એકજ સાથે આવેલ છે. આ ઘાસ બીડમાં ક્યતતયત્રિહજ્ઞાશિભફક્ષ (ખડમોર) નામનો પક્ષી, બહારથી આવે છે અને જે આ ઘાસબીડની એળખ છે. ઉપરાંત ૧૭૫ જેટલા અન્ય પક્ષીઓ ઘાસબીડમાં જોવા મળે છે એટલે કે આ રામપુરા ઘાસબીડમાં વન્ય પ્રાણીઓ માટે આજુ-બાજુના લોકો માટે ખૂબ વૈવિધ્ય વારસો ધરાવે છે આ ઘાસ બીડમાં છેલ્લા દસ વર્ષમાં ઉત્પન થયેલ ઘાસ દાહોદ જીલ્લાના નાગરિકો માટે આશિર્વાદ રૂપ સાબિત થયુ છે.

## દે.બારીયા-પીપલોદ બજારમાં ચાલતી ખાણીપીણીની લારીઓ અને દુકાનોમાં સ્વછતાનો અભાવ

દાહોદ,
પ્રાપ્ત વિગતો મુજબ આધુનિક જમાનામાં સવારે ચટાકેદાર ગરમ નાસ્તો અને ચ્હા પીવાનું લગભગ યુવા પેઢી બજાર માં જઈને કરતા હોય છે. દેવગઢબારીયા શહેર સહીત પીપલોદ બજારમાં ખાણી પીણીની લારીઓ અને દુકાનો વહેલી સવારથી ખુલી જતી હોય છે અને આ જગ્યા એ ગરમાગરમ ટેસ્ટફુલ નાસ્તા મળતા હોય છે.

નાસ્તા સેન્ટર ઉપર મળતા નાસ્તા કઈ રીતે બને છે તેનું કોઈને ખબર હોતી નથી. તેની બનાવટમાં વપરાતું હલકી ગુણવતા નું તેલ અને અસ્વચ્છ પાણી હલકું બેસન અને મેંદાના લોટની વાનગીઓ લોકો હોંશે હોંશે ખાતા હોય છે. દેવગઢબારીયા શહેરમાં ટાવર પાસે વહેલી સવારે નાસ્તાની લારીઓનું દુષિત પાણી રોડ ઉપર નાખવામાં આવતા વાહનચાલકો અને રાહદારીઓને આ પાણી ઉડવાથી કપડાં પણ ખરાબ થતા હોય છે. ખાણી પીણીની લારીઓ અને દુકાનોમાં ભાગ્યેજ સ્વચ્છતા જોવા મળશે. ક્યાંક વપરાયેલી નાસ્તાની ડિસો ઉપર માખીઓ બણબણતી અને ક્યાંક દુષિત વેરાતું પાણીની દુર્ગંધ નાસ્તા સેન્ટરો ઉપર ગ્રાહકો માટે રોગનું ઘર કહી શકાય. કેટલીક દુકાનો પાસે વ્યવસાય વેરાની નોંધણી પણ હોતી નથી. જયારે પીપલોદ બાયપાસ હાઈવે ઉપર ક્યાંક ક્યાંક માંસ મટનની નોનવેજ હોટલો પણ ગેરકાયદેસર શરૂ થઈ ચુકી છે.

દેવગઢબારીયા અને પીપલોદ બજારમાં બનતા નાસ્તા સ્વાસ્થ્ય માટે કેટલા આરોગ્યપ્રદ હશે. તેની જવાબદાર તંત્ર એ દરકાર લઈ નાસ્તા સેન્ટરોની તપાસ કરવું જરૂરી છે.

## દાહોદમાં સંપર્ક થી સમર્થન યાત્રામા ગામડા ખુંદતા સાંસદ



દાહોદ,
દાહોદ જીલ્લામાં સંપર્કથી સમર્થન અને વિકાસ તીર્થના પ્રવાસનનું આયોજન કરવામાં આવેલ છે જેમાં દાહોદના સાંસદ તેમજ ધારાસભ્યો દ્વારા સંયુક્ત પ્રવાસ ગામેગામ જઈ કરવામાં આવી રહ્યો છે. સાંસદ જાતે ગામડા ખુંદી રહ્યા છે.

પ્રધાન નરેન્દ્ર મોદીના નવ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાત સહિત દેશમાં સંપર્ક થી સમર્થન અને વિકાસ તીર્થના પ્રવાસનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમા સાંસદ જશવંતસિહ ભાભોર અને સથાનિક ધારાસભ્યો વિવિધ વિસતારોની મુલાકાત લઈ રહયા છે. તારીખ ૨ જૂનથી ૫ જૂન સુધી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં નીંદકા પૂર્વ સલરા ધુઘસ મોટીરેલ મારગાળા લખાણપુર ચમારીયા ઉચવાણીયા ખંગેલા આગાવાડા અને જાલત જેવા કામોમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સ્થળો સીત કેન્દ્ર આગાવાડા, મોટો પુલ ડુંગર, ધૂઘસ ફતેપુરા રોડ, ઢઢેલા ઘોઘસ રોડ, આરસીસી રોડ સુખસર, પાણી ખૂટ ઘાટાવાળાને જોડતો રસ્તો, હોળી ફળિયા થી બસ સ્ટેશન રોડ, સંજેલી સીએચસી, કાંડા ભવાની બ્રિજ, વડબારા પંચાયત ઘર, ભીટોડી, ભિટોડી પંચાયત ઘર ભિટોડી વિગેરે કામોનું ખાતમુહૂર્ત તેમજ કામોનો મંજૂરી આપવામાં આવી હતી.તારીખ ૭ જૂનના રોજ ગરબાડા મત વિસ્તારમા ગરબાડા, ઝરીબુઝર્ગ અભલોડ, ગાંગરડા નિમચ તેમજ અભલોડ બેઠક વિસ્તારમા સાંસદ પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમા દેહધા મંદિર દર્શન તેમજ ગરબાડા તેમજ મધ્ય પ્રદેશને જોડતા રસ્તાની મુલાકાત લેવામા આવી હતી. નિવૃત અધિકારી ડો.દિલીપ પટેલ તેમજ પ્રજા પિતા બ્રહ્માકુમારીના દીદી સહિત સંતો મહંતો અને અગ્રણીઓની મુલાકાત લીધી હતી. સંતરામપુર વિધાનસભા વિસ્તારનો પ્રવાસ પણ કરી દેવાયો છે.

## દેવગઢ બારીયાના ડાગરીયા ગામે દશ વર્ષીય બાળકીને સાપ કરડતા મોત

દાહોદ,
દેવગઢબારીયા ના ડાગરીયા ગામની ઘટના જે એક દશ વર્ષીય વૈશાલીબેનને ઝેરી સાપ કરડતા તેનુ મોત નીપજ્યું હતુ સાપ કરડતા બાળકીના પિતા દોડી આવ્યા હતા અને તેને ઉપાડી કોઈ ભુવા પાસે લઈ ગયા હતા અને ત્યાં તેમણે સાપનું ઝેર ઉતારવા માટે પીછીનો ઝારો નાખીયાની વાત બાળકીના પિતાએ કરી હતી. જો બાળકીના પિતા તેને ભુવા પાસે ના લઈ ગયા હોત અને હોસ્પિટલમાં લઈ ગયા હોત તો બાળકીનો જીવ બચી જાત પરંતુ ક્યાકને ક્યાક અંધશ્રધ્ધાનો ભોગ આ બાળકી બની હોય તેમ જોવાય રહ્યુ છે. બાળકીના પિતા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, અમે ભુવા પાસે લઈ ગયા હતા પરંતુ ઝારો નખાયાને તરત જ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યા તેને દવાસારવાર ચાલુ કરાવી દીધી હતી પરંતુ તબીયત વધારે લથડતા અમોને દાહોદ ઝાયડન્સ હોસ્પિટલ ખાતે લઈ જવાનું કહ્યું હતું અને અમે દાહોદ લઈ જતા પહેલા જ બાળકીએ રસ્તામા તેને અંતિમ સાસ લીધો હતી.

## લીમખેડા તાલુકાના પાણિયા ગામે નેશનલ હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવાર મોતને ભેટ્યો

દાહોદ,
લીમખેડા તાલુકાના પાણીયા ગામે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર મધરાતે અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવાર ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના તણસીયા નિશાળ ફળિયાના રહેવાસી ૨૯ વર્ષીય ભલુભાઈ ગુલજીભાઈ ભાભોર પોતાના કબજા હેઠળની Gj-20-G-711 નંબરની મોટરસાયકલ લઈ ગોધરા તરફ જઈ રહ્યો હતો. તે સમયે રાત્રિના દોઢ વાગ્યાના સુમારે લીમખેડા તાલુકાના પાણીયા ગામે ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પરથી પૂર ઝડપે આવી રહેલા અજાણ્યા વાહને ભલુભાઈ ભાભોરની મોટરસાયકલને અડફેટમાં લેતા બાઈક સવાર ભલુભાઈ ભાભોર જમીન પર પટકાતા તેઓના માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેના પગલે ભલુભાઈ ભાભોરનું ઘટના સ્થળે જ પ્રાણપખેરૂ ઉડી જતા કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ત્યારબાદ ઘટના સ્થળે આસપાસના ભેગા થયેલા લોકોએ ભલુભાઈના મોબાઈલ દ્વારા તેઓના પરિવારજનોનો સંપર્ક કરી જાણ કરતા મરણ જનાર ભલુભાઈ ભાભોરના પરિવારજનો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જોકે, તે દરમિયાન ઘટના સ્થળે પહોંચેલી લીમખેડા પોલીસે મરણ જનાર ભલુભાઈ ભાભોરના મૃતદેહનો કબજો લઈ લીમખેડા રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી અકસ્માત અંગેનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

## લીમખેડા તાલુકાના ફુલપુરી ગામે પોલીસે મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપ્યો

લીમખેડા,
લીમખેડા તાલુકાના ફુલપુરી ગામે એક રેહં રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો થતો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડી મકાનની તલાસી લેતા તલાસી દરમિયાન વિમલના થેલામાં જુદા જુદા માર્કાની વિદેશી દારૂ બિયરની બોટલો મળી આવતા પોલીસે વિદેશી દારૂનો વેપલો કરનાર બુટલેગર ની અટકાયત કરી મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર લીમખેડા તાલુકાના ફુલપુરી ગામના નદી ફળિયાના રહેવાસી કેલેષભાઈ રસુભાઈ ભાભોર રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની જાણ લીમખેડા પોલીસને થતા પેટ્રોલિંગમાં નીકળેલા લીમખેડા પોલીસના જવાનોએ કૈલેશભાઈ રસુભાઈ ભાભોરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા દરોડા દરમિયાન પોલીસે મકાનમાં વિમલના થેલામાં સંતાડેલો ભારતીય બનાવટના જુદા જુદા બ્રાન્ડની ૨૭૪ બોટલ મળી કુલ ૩૮,૮૧૦ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરનાર કૈલેશભાઈ રસુભાઈ ભાભોરની અટકાયત કરી પ્રોહિબિશન અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં અલગ-અલગ જગ્યાએથી વાહન ચોર ટોળકીએ ટ્રેક્ટર સહિત ત્રણ વાહનોની ચોરી કરી

દાહોદ,
દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ ત્રાટકેલી વાહન ચોર ટોળકીએ જુદી જુદી જગ્યાએ પોતાનો કસબ અજમાવી કુલ રૂા.૩.૧૧ લાખની કિંમતના એક ટ્રેક્ટર સહીત ત્રણ વાહનો ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં વાહન ચોરીના બનેલા ત્રણ બનાવો પૈકીનો એક બનાવ દાહોદ શહેરના ગૌશાળા પાસે સોનીવાડમાં બનવા પામ્યો હતો. જેમાં સોનીવાડમાં રહેતા ભીખાભાઈ વાલાભાઈ માળીની પોતાના ઘર આગળ લોક મારી પાર્ક કરેલ વર્ષ ૨૦૧૭ના મોડલની જીજે-૨૦ એ.એફ-૭૨૮૦ નંબરની બ્લેક તથા સીલ્વર કલરના પટ્ટાવાળી હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલનું લોક તોડી બાઈક ચોરો મોટર સાયકલ ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાહન ચોરીનો બીજો બનાવ ગરબાડા તાલુકાના અભલોડ ગામે બનવા પામ્યો હતો જેમાં તા. ૩૦-૫-૨૦૨૩ની રાતે વાહન ચોરોએ અભલોડ ગામે સીમાડા ફળિયામાં રાજા બ્રિક્સ નામના ઈંટોના ભઠ્ઠા પર પાર્ક કરેલ દાહોદ તાલુકાના ચંદવાણા ગામના ગામતળ ફળિયામાં રહેતા રમેશભાઈ લુણાભાઈ બાંગડીયાનું રૂા. ૨,૫૦,૦૦૦ની કિંમતનું જીજે-૨૦ યુ-૮૦૦૮ નંબરની ટ્રોલી સાથેનું જીજે-૨૦ બી-૪૬૫૫ નંબરનું સ્વરાજ કંપનીનું ટ્રેક્ટર કોઈ વાહન ચોરો ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે જેસાવાડા પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે વાહન ચોરીનો ત્રીજો બનાવ ઝાલોદ યશ હોસ્પિટલની નજીક રોડ પરથી ધોળે દહાડે બનવા પામ્યો હતો. જેમાં સંજેલી તાલુકાના ભામણ ગામના પટેલ ફળિયાના નિરવભાઈ રૂપસીંગભાઈ બારીયાની ઝાલોદ યશ હોસ્પિટલની નજીક રોડ પર પાર્ક કરેલ રૂા. ૪૫૦૦૦ની કિંમતની જીજે-૨૦ બીસી-૭૩૫૩ નંબરની હીરો કંપનીની મોટર સાયકલ કોઈ બાઈકચોર ચોરીને લઈ ગયો હતો. આ સંબંધે ઝાલોદ પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.245

## ગોધરા ચંદન બાગ ખાતે

# મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રીની હાજરીમાં યોજાયેલ લાભાર્થી સંમેલનમાં સરકારી કર્મચારીઓની હાજરીથી અચરજ






**- જીલ્લા પંચાયત પ્રમુખે લાભાર્થી સંમેલનમાં તલાટીઓની હાજરી અંગે આડકતરો સ્વીકાર.**
**- તલાટી દીઠ ૪૦ લાભાર્થીને ભાજપના લાભાર્થી સંમેલનમાં હાજર રાખવાની સુચના.**

જીલ્લા પંચાયત પ્રમુખને પક્ષના કાર્યક્રમમાં તલાટી હાજર અંગે પુછવામાં આવતાં આડકતરી રીતે સ્વીકાર કર્યો હતો કે, લાભાર્થીઓની યાદી સરકારી હોવાથી તલાટીઓને હાજર રહેવા સુચના અપાઈ હતી.

ગોધરા,

ગોધરા ખાતે ભાજપ વિશેષ સંર્પક અભિયાન અંતર્ગત ચંદનબાગ ખાતે મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી ચંદ્રકાંત પાટીલની અધ્યક્ષતામાં યોજાયું હતું. ભાજપ પક્ષના કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓની હાજરી જોવા મળી સંમેલનમાં લાભાર્થીઓને લાવવાની કામગીરી તલાટીઓને સોપવામાં આવતાં ચર્ચાનો મુદ્દા બન્યો છે.

ગોધરા ખાતે જીલ્લા બીજેપી વિશેષ સંપર્ક અભિયાન અંતર્ગત ચંદન બાગ ખાતે મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી ચંદ્રકાંત પાટીલની અધ્યક્ષતામાં બીજેપીનું લાભાર્થી સંમેલન યોજાયું હતું. ભાજપ પક્ષના કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓની હાજરી ઉડીને આંખે વળગે તેવી જણાઈ હતી. પક્ષના કાર્યક્રમમાં ગોધરા મામલતદાર કચેરી તેમજ ગોધરા તાલુકાના તલાટીઓની મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. લાભાર્થી સંમેલનમાં લાભાર્થીઓને સ્થળ ઉપર લાવવા માટે તલાટીઓને સુચના અપાઈ હતી. ભાજપ પક્ષના કાર્યક્રમમાં ૧ તલાટીને ૪૦ લાભાર્થીઓને લાવવાનો ઓર્ડર અપાયો હતો. તેવું ઓન કેમેરા સામે ન આવી તલાટીઓ દ્વારા માહિતી અપાઈ હતી. ભાજપ

**ભાજપ પક્ષના ચંદન બાગ ખાતે યોજાયેલ લાભાર્થી સંમેલનમાં સરકારી કર્મચારી તલાટીઓને ૪૦ જેટલા લાભાર્થીને સાથે લઈ હાજર રાખવાનું સુચન કરાયું હોવાનું તલાટીઓને સ્વીકાર.**

પક્ષના કાર્યક્રમમાં સરકારી કર્મચારી તલાટીઓની હાજરી અંગે જીલ્લા પંચાયત પ્રમુખને પુછવામાં આવતાં આડકતરી રીતે સ્વીકાર્યું હતું કે, લાભાર્થીઓની યાદી સરકારી હોવાથી તલાટીઓને જાણ કરાઈ હતી અને તલાટીઓને લાભાર્થી સાથે સંમેલનમાં હાજર રહેવા જણાવાયું હોવાનું સ્વીકાર કરાયું. બીજેપી પક્ષના લાભાર્થી સંમેલનમાં આવેલ લાભાર્થીઓને મીડીયા સાથે વાત ન કરવાની સુચના આપવામાં આવી હતી. ગોધરા ખાતે યોજાયેલ ભાજપના સંપર્ક અભિયાન લાભાર્થી સમેંલનમાં સરકારી કર્મચારીઓની હાજરી ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## પંચમહાલ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને ગોધરા કલેકટર કચેરી સભાખંડ ખાતે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ થતી કાર્યવાહી અંગેના પ્રશ્નોના ઉકેલને લઈને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગોધરા અને શહેરા તાલુકાના કુલ નવ કેસ રજૂ કરાયા હતા. જે સર્વાનુમતે દફતરે કરવામાં આવ્યા હતા. અત્યારસુધી આ એક્ટ હેઠળ જીલ્લા કક્ષાની કુલ સાત બેઠકો યોજાઈ છે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારીયા, જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, ગોધરા પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જૈતાવત, સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર ફાલ્ગુન પંચાલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને લાંચ રૂશ્વત વિરોધી અને તકેદારી સમિતિની બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લા કક્ષાની લાંચ રૂશ્વત વિરોધી અને તકેદારી સમિતિની બેઠક જીલ્લા કલેક્ટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી સભાખંડ ગોધરા ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં તકેદારી ક્ષેત્ર તરફથી મળેલી તપાસો, ખાતાકીય તપાસો અને એ.સી.બી. પોલીસ સ્ટેશન કક્ષાએ બાકી રહેતી તપાસો તથા નામદાર કોર્ટમાં પડતર એ.સી.બી. કેસોની સમિક્ષા કલેકટર દ્વારા સમિતિની મિટિંગમાં કરવામાં આવી હતી. આ સાથે બાકી કેસોની સત્વરે પૂર્ણતા કરીને અહેવાલ સાદર કરવા તથા એ.સી.બી. કેસો ઝડપથી ચલાવવા માટે સબંધિતોને સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા, નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, જીલ્લાપોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, એ.સી.બીના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ઘોઘંબા APMCમાં કેસરિયો લહેરાયો : કોંગ્રેસનો સફાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા APMCમાં ખેડૂત વિભાગની ચૂંટણીનું મતદાન કરાયું હતું. તેમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠક ઉપર ૧૨ ઉમેદવારના ૨૨૧ટોટલ મતદારો માંથી ૨૧૯ જેટલુ મતદારો મત આપ્યા હતા. ઘોઘંબા APMC સહકારી અને વેપારી વિભાગ બિનહરીફ જાહેર થયાં હતા. ત્યારે આજરોજ ઘોઘંબા APMCમાં ખેડૂત વિભાગની મત ગણતરી પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે કરવામા હતી. તેમાં ભારતીય જનતા પાર્ટીની પેનલના ઉમેદવારોનું ભવ્ય વિજય સાથે કોંગ્રેસનો સફાયો બાલાયો હતો. જયારે હાલોલના ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં જીતેલા તમામ ઉમેદવારોને ફૂલ હાર અને પેડા ખવડાવી મોંડુ મીઠું કરાવી ભવ્ય જીતની શુભેચ્છાઓ પાઠવી હતી. પાર્ટી પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, ભીખાભાઈ સોલંકી, જયપાલસિંહ રાઠોડ, નિલેશભાઈ વરિયા, છેલુભાઈ રાઠવા, રમેશભાઈ રાઠવા, નરેન્દ્ર સોલંકી, દિવ્યરાજ પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના અભેટવા ગામે વાપરવાના પૈસા ન આપતાં પુત્રએ ઘરનો સામાન સળગાવી ૫૦ હજારનું નુકશાન કરતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ તાલુકાના અભેટવા ગામે આરોપી પુત્ર માતા પાસે વાપરવા માટે પૈસા માંગતા અમારી પાસે પૈસા નથી તેમ કહેતા ઉશ્કેરાઈ જઈ ઘરનો સામાન ભેગો કરી સળગાવી દઈ ૫૦ હજાર રૂપીયાનું નુકશાન કરતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના અભેટવા ગામે રહેતા સરોજબેન રણજીતસિંહ પરમાર પાસે આરોપી પુત્ર શૈલેષ વાપરવા માટે પૈસાની માંગણી કરતો હોય માતાએ હમણાં અમારી પાસે પૈસા નથી. તેમ કહેતા શૈલેષ ઉશ્કેરાઈ ગયો હતો અને ઘરનો સામાન ભેગો કરી દિવાસળી ચાંપી સળગાવી દેતા માતા અને અન્ય ઓલવવા જતાં મારવા આવીને ઘરનો સરસામાન અને જરૂરી કાગળો સળગાવી ૫૦ હજાર રૂપીયાનું નુકશાન કરતાં હાલોલ પોલીસ મથકે પુત્ર વિરૂદ્ધ માતાએ ફીરયાદ નોંધાવી.

## શહેરાના સંભાલી ગામે હરસિધ્ધી માતાજીના મંદિર પાસે રોડને અડીને વીજનું વીજ વાયર થાંભલો નમી દુર્ઘટનાની સંભાવના


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના સંભાલી ગામના બસ સ્ટેશન નજીક હરસિધ્ધિ માતાજીના મંદિર પાસે પસાર થતા ડામર રોડને અડીને પાછલા એક મહિના ઉપરાંત થી જીવંત વીજ વાયર વાળો વિજ થાંભલો નીચેથી તૂટી જવા સાથે નમી ગયો છે. સતત વાહનોની અવર જવર વાળા ડામર રસ્તા પર હોવા સાથે તૂટી ગયેલ વીજ થાંભલાના કારણે કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ તેવા અનેક સવાલો સ્થાનિક ગ્રામજનોમાં ચર્ચાઈ રહયા હતા. એમ.જી.વી.સી.એલ. તંત્ર દ્વારા ડામર રસ્તાને અડીને આવેલ તૂટી ગયેલ વીજ થાંભલો અહીથી દૂર કરીને નવો વીજ થાંભલો વહેલી તકે નાખવામાં આવે તેવી આશા અહીથી પસાર થતા વાહન ચાલકોને સ્થાનિક ગ્રામજનો રાખી રહ્યા છે.

## ગોધરામાં મહાલક્ષ્મી માતાની મિલ્કતો ઉપર વેચાણ કરનાર વકફ અધિનિયમ ૧૯૫ કલમની ૫૧ બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ કરે તેવી માંગ

ગોધરા,

ગોધરા શહેર કસ્બાના મુખ્ય માર્ગો ઉપર આવેલ સીટી સર્વે નંબર ટી.પી.નં. ફ.પ્લોટ નં. ક્ષેત્રફળ (ચો.મી.)૧૭૨૫-૭૭૭૬ સત્તા પ્રકાર એફ ધર્માદા/વકફ અને ઈત્તર ધર્માદા સંસ્થાઓ માટે આપેલી જમીન પડોશ હકક ઈન્કવાયરી ઓફિસરના ઠરાવને આધારે સને ૧૯૩૬માં હકક પ્રાપ્તિનો આધાર શોધી શકાય તે પ્રમાણમાં મહાલક્ષ્મી માતાના વહીવટદાર સી.સ.નં.૧૪/૨૮૮/૨ થી ૧૪/૨૮૮/૨૪ અત્રે થયેલ છે.

ફેરફાર નોંધ નં.૫૫ તા.૨૯/૦૬/૧૯૨૯/નામદાર હાઈકોર્ટના દી. અપીલ નં.૭૨૮ સને ૪૦૨૪ની તા.૩૦/૦૯/૧૯૨૫ નારોજ ઠરાવ થયા પ્રમાણે સીટી સર્વે ઓફિસર પંચમહાલ ગોધરા શહેર દ્વારા ૨૯/૦૬/૧૯૨૯ પ્રમાણિત થયેલ છે, પરંતુ આ મહાલક્ષ્મી માતાની વકફની જમીનો આવેલી છે અને વકફ અધિનિયમ ૧૯૫ ની કલમ ૫૧ અન્વયે ગુજરાત રાજય વકફ બોર્ડ ગાંધીનગર દ્વારા પરવાનગી મેળવી પડે છે. અને કોઈ પણ સંજોગોવશ વકફની મિલ્કતો એક વખત વકફ થાય તે કલયુગો સુધી વકફ રહે છે. તેનું વેચાણ કે તબદીલી કાયદેસર નથી. નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં પણ પ્રસ્થાપિત થયેલ છે. વકફ મિલ્કતો કોઈપણ વ્યકિતની વ્યકિતગત માલિકીની હોતી નથી. જેથી આ મહાલક્ષ્મી માતાની જમીનો કલયુગ સુધી વેચી શકાય નહી પરંતુ આ જમીનોમાં હાલના વેચાણ કરનાર વર્ષાબેન વસંતકુમાર ભગત દ્વારા કુલમુખત્યાર કરી ગોધરા રેલ્વે સ્ટેશનની સામે તથા બાજુમાં આવેલ બે મોટા મોટા કોમ્પ્લેકસો બનાવી મુસ્લીમ કોમના વકફ બોર્ડ ગુજરાત સરકારમાં નોંધણી હોવા છતાં આ ધાર્મિક મિલ્કતો ગોધરાના આગળ પડતા રાજકીય લાગવગ ધરાવતા ૧. સિદ્દીક યુસુફ છુંગા, ૨. ઈલ્યાશ અહેમદ સીંધી વિગેરે મુસ્લીમ સમાજ દ્વારા વર્ષાબેન વસંતકુમાર ભગત દ્વારા વેચાણ દસ્તાવેજો કરી વકફ ધર્માદા મિલ્કતોને રફેદફે કરી નાખેલ છે. જેનો એ.એસ.નં.૧૦/૦૮/૨૦૨૨ અરજી નંબર-૨૦૨૨૭૧૫૧૨૯ની વોર્ડ-૩ દસ્તાવેજોથી સાબિત તમામની તમામ હકીકતો જો નિગાહે લેવામાં કે લેવડાવામાં આવે તો નોંધ નં.૬૨૩૫ તા.૦૭/૧૦/૨૦૧૭ હુકમ મે. સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ અને વધારાના મામલતદાર પંચમહાલ, મહિસાગરના હુકમ નં.સીટીએસ/રીમાન્ડ કેસ નં.૦૨/૨૦૧૭ તા.૨૨/૦૮/૨૦૧૭ થી અરજદારની અપીલ અરજી અંશત મંજુર કરવામાં આવેલ છે. પંચમહાલ જીલ્લાના તાલુકા ગોધરાના ગોધરા કસ્બામાં આવેલ સી.સર્વે નં.૧૪/૨૮૮/૧/અ વાળી પટ્ટાહકકની જમીન ઉપર આવેલ કોમ્પ્લેકસવાળી મિલ્કત પૈકી ગ્રાઉન્ડ ફલોરના ભાગે આવેલ દુકાન નં.જી/૧૩ વાળી મિલ્કત રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ નં.૫૦૧૩ તા.૨૮/૧૦/૨૦૧૩ વેચાણ રાખેલી જે દસ્તાવેજના આધારે ફેરફાર નોંધ નં.૨૫૪૭ તા.૨૪/૧૨/૨૦૧૩ પ્રમાણિત કરવા હુકમ કરું છું તેવા હુકમની નોંધ સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ રમેશચંદ્ર મગનભાઈ ભાટીયા દ્વારા તા.૨૫/૧૧/૨૦૧૭ થી નામો ૧ થી ૪ ના દાખલ ક્રરેલની યાદી ૧. બતુલબેન અબ્બાસભાઈ વાધજીપુરવાલા, ૨. મકસુદા અકીલભાઈ વીમાવાલા, ૩. ઉમેમા નુરૂદ્દીન વાધજીપુરવાલા, ૪. તસ્નીમા બુરહાન ભીખાપુરવાલાના નામો વેચાણ દસ્તાવેજોથી સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ અને વધારાના મામલતદાર મહિસાગર દ્વારા વકફ અધિનિયમ ૧૯૫ની કલમ ૫૧ની ગુજરાત રાજય વકફ બોર્ડ ગાંધીનગર વિરૂદ્ધની કાર્યવાહી કરી તાલુકા બહાર સીટીએસ/રીમાન્ડ/કેસ નં.૨/૨૦૧૭ ચલાવી વકફની મિલ્કતોમાં લાંબી લાંબા લાંચો લઈ ૧ થી ૪ ના નામો દાખલ કરેલ છે. પરંતુ નોંધ નં.૨૫૪૭ તા.૨૪/૧૨/૨૦૧૩ વેચાણ દસ્તાવેજ નં.૫૦૧૩ તા.૨૮/૧૦/૨૦૧૭ રૂા.૧,૫૦,૦૦૦/-પુરા થી સી.સ.નંબર ૧૪ના ૨૮૮/૧/અ/ની પટ્ટાની જમીન વર્ષાબેન વસંતકુમાર ભગતનું કોઈ જગ્યાએ નામ નથી અને વકફની જમીન મુસ્લીમ કોમના ઈલ્યાસ એહમદ સીંધીના તથા સિદ્દીક યુસુફ છુંગાના પુત્ર વધુ આરીફ ઈલ્યાસ સીંધી તથા હાસમ સિદ્દીક છુંગા દ્વારા ૧ થી ૪ ના નામો નામજુરની નોંધ છે. આમ, હાલના વકફ ધાર્મિક જમીનો કલયુગ સુધી ના વેચાણ થાય તેવા સુપ્રિમ કોર્ટના હુકમો હોવા છતાં ખુબ જ મોટી મોટી કોમ્પ્લેકસો બે બનાવી ગેરકાયદેસર બાંધકામ વકફ અધિનિયમ ૧૯૫ની કલમ ૫૧ ની જોગવાઈઓ મહેસુલી કર્મચારીઓ અધિકારીઓ દ્વારા તથા ચીફ ઓફિસર નગર પાલિકા બાંધકામ પરમીશન આપનાર અધિકારીઓ દ્વારા પુરુ રેકર્ડ નહી તપાસી વકફ બોર્ડની કલયુગો સુધી ફેરફાર ના થાય તેમ છતાં મોટી મોટી લાંચ રૂશ્વતો લઈ બાંધકામો તથા વિજ કનેકશનો આપી વકફ ધાર્મિક દાન આપેલ મિલ્કતો વર્ષાબેન વસંતકુમાર ભગત દ્વારા મુસ્લીમ સમાજના ઈસમો સાથે મળી મહાલક્ષ્મી માતાની જમીનો વેચાણ ના થાય તેવી મિલ્કતો વેચી પાડેલ છે અને તેઓ કયા આધારે વેચાણ દસ્તાવેજો તથા કુલમુખત્યાર નામો મુસ્લીમ સમાજને હિન્દુ મિલ્કતોમાં કરી આપે છે. તેવી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા અધિકારી દ્વારા તપાસ થાય તેવી હિન્દુ સમાજ દ્વારા માંગો ઉઠવા પામી છે અને રેલ્વે સ્ટેશન રોડ તમામ પ્રજાના બંધારણી હકકો છે અને અશાંતધારો કાયમી રહે તેવી હિન્દુ સમાજ દ્વારા પણ માંગો છે. જેથી બન્ને કોમ્પ્લેકસોના વેચાણ લેનારાઓના નિવેદનો જો લેવામાં આવે તો તમામ ગેરરીતિઓ આવવાની સંભાવનાઓ છે.

## કોમર્સ કોલેજ ગોધરાના NSS દ્વારા ખાદ્ય સુરક્ષા દિવસની ઉજવણી




ગોધરા,

તારીખ ૭ જૂન એટલે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ. આ દિવસની ઉજવણી શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ ના ઉપક્રમે કોલેજના સેન્ટ્રલ હોલમાં કરવામાં આવી હતી. જેમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણસિંહ સોલંકી દ્વારા રાજ્ય સુરક્ષા દિવસ શા માટે ઉજવવામાં આવે છે અને તેનું વર્તમાન સમયમાં શું મહત્વ છે. તે વિશે સરળ શબ્દોમાં માહિતી આપી હતી. ખાસ કરીને જો સ્વસ્થ ખોરાક હોય તો સ્વસ્થ જીવન બની શકે છે. ફૂડ પોઈઝનિંગ થઈ શકે કે ભેળસેળ વાળા સસ્તા ખાદ્ય પદાર્થો છે કે પછી બજારમાં લારીઓ પર વેચાતા દૂધ, ખાદ્ય તેલ, મીઠાઈઓ કે બેકરીની જે વસ્તુઓ છે. પાન-મસાલા, ગુટખા વિગેરે અંગે લોકોને જાગૃત કરવા વિદ્યાર્થીઓએ આગેવાની લેવાની જરૂર છે તેવું જણાવતા વધુમાં ડો. સોલંકી જણાવ્યું હતું કે, ખાસ કરીને ઠેર ઠેર ફૂટી નીકળી કેરીના રસની હાટડીઓ એટલે કે મેંગો જ્યુસ એના પર પણ વિદ્યાર્થીઓએ નજર રાખવાની જરૂર છે. કાર્યક્રમની આભાર વિધિ એનએસએસ લીડર કુ. નિશી શાહ દ્વારા કરાઈ હતી.

# શિવરાજપુર પાસે પાંડોળ ગામના લુહાર ફળિયામાં દસ દિવસથી લાઈટ વગર અંધારા ઉલેચતા રહિશો

હાલોલ,

તાજેતરમાં આવેલ તોફાની વાવાઝોડાએ પંચમહાલ જિલ્લામાં ભારે તબાહી સર્જી હતી. ત્યારે હલોલ તાલુકાના શિવરાજપુર પાસે પંડોળગામના લુહાર ફળિયામાં છેલ્લા દસ દિવસથી અંધારપાટ સર્જાતા ડિજીટલ યુગના દાવા પોકળ સાબિત થયેલ જોવા મળ્યા હતા. ગ્રામજનોએ વારંવાર ટેલિફોનીક ફરિયાદો કરી છે. ગ્રામજનો વીજ કચેરીમાં રજુઆત કરવા જતા કર્મીઓ વગેરે ખાલી ભાસતી હોવાની દ્રશ્યો સામે આવ્યા હતા. દસ દિવસ પુર્વ આવેલ વાવાઝોડાએ પંચમહાલ જિલ્લામાં ભારે તબાહી મચાવી હતી. હાલોલ તાલુકાના શિવરાજપુર પાસે આવેલ પંડોળ ગામ પાસે વીજ ડીપીના પોલ ધરાશાયી થયા હતા. ગામના લુહાર ફળિયામાં છેલ્લા દસ દિવસથી વીજ પુરવઠો ખોરવાતા રહિશોને અંધારા ઉલેચવા સાથે પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. મહિલાઓને પીવા અને વાપરવા માટે એકમાત્ર હેન્ડપંપથી પાણી ભરવાનો વારો આવતા પાણીનુ એક બેડુ ભરવા મહિલાઓની કતારો લાગી રહી છે. ગામના લોકો દસ દિવસથી અંધારામાં રહેવા મજબુર બન્યા છે. રોજેરોજ ગ્રામજનો એમજીવીસીએલની કચેરીમાં ફોન કરે છે. અને રજુઆતો કરવા છતાં અધિકારી કે કર્મચારીઓના પેટનુ પાણી હાલતુ નથી. લાઈટ ન હોવાથી ગામલોકોને ચોરી લુંટા જેવી ઘટનાઓનો પણ ભય પ્રજાને સતાવી રહ્યો છે.